

# ગુજરાત વિદ્યાસભા

## અમદાવાદ

સ્થાપના : તા. ૨૬ ડિસેમ્બર, ૧૮૪૮



# ૧૬૬મો
# વાર્ષિક અહેવાલ

ज्ञानं परं धीमहि

વર્ષ ૨૦૧૪-૧૫

## શ્રી ચીનુભાઈ ચીમનભાઈ સભાગૃહ શુભારંભ







## વિદ્યાબેન નીલકંઠ સ્મારક વ્યાખ્યાન









# ગુજરાત વિદ્યાસભા અને સંલગ્ન સંસ્થાઓની પ્રવૃત્તિઓનો હેવાલ

**સ્થાપના :**

સ્વ. ઍલેકઝાન્ડર કિન્લોક ફોર્બ્સે તા. ૨૬ ડિસેમ્બર ૧૮૪૮ના રોજ આ સંસ્થાની સ્થાપના કરી હતી. આ સંસ્થા ૨૦૧૪ના ડિસેમ્બરમાં ૧૬૬ વર્ષ પૂરાં કરી ૧૬૭માં વર્ષમાં પ્રવેશી ચૂકી છે. આ સંસ્થા સન ૧૮૬૦ના પબ્લિક રજિસ્ટ્રેશન એક્ટ પ્રમાણે તા. ૨૯ સપ્ટેમ્બર ૧૮૮૦ના રોજ રજિસ્ટર્ડ થયેલી છે. બૉમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ મુજબ પણ તેને રજિસ્ટર્ડ કરાવી છે, અને એનો રજિસ્ટર્ડ નંબર એફ-૨૪ છે. એ અંગે ડેપ્યુટી ચેરિટી કમિશનરે રજિસ્ટ્રેશન સર્ટિફીકેટ નંબર ૫૩૨૪ તા. ૨૬-૯-૧૯૫૨ની તારીખનું આપ્યું છે. મુંબઈ સરકારના જાહેરનામાથી આપણી સંસ્થા ૩ ડિસેમ્બર ૧૯૫૩થી પબ્લિક ટ્રસ્ટ કૉન્ટ્રિબ્યૂશન ફંડના ભરણામાંથી મુક્ત ગણાઈ છે.

**ઉદ્દેશ :**

**ગુજરાતી ભાષા-સાહિત્યનો ઉત્કર્ષ કરવો અને સામાન્ય રીતે કેળવણીની વૃદ્ધિ કરવી એ ગુજરાત વિદ્યાસભાનો ઉદ્દેશ છે.**

આ ઉદ્દેશ પાર પાડવા કેળવણી અને વિદ્યાવૃદ્ધિને ઉત્તેજન આપે એવા ટ્રસ્ટ ફંડ સ્વીકારી એનો વહીવટ કરવામાં આવે છે. ''બુદ્ધિપ્રકાશ'' માસિક ચલાવવામાં આવે છે. ગુજરાતી ભાષા અને સાહિત્યની સમૃદ્ધિ વધારવા ઉપયોગી પુસ્તકો તૈયાર કરાવી પ્રસિદ્ધ કરવામાં આવે છે. આ ઉપરાંત બ્રહ્મચારી વાડી ટ્રસ્ટ દ્વારા સંસ્કૃત પાઠશાળા, શ્રી હરિવલ્લભદાસ કાળિદાસ આર્ટ્સ કૉલેજ, શ્રી હરિવલ્લભદાસ કાળિદાસ કૉમર્સ કૉલેજ, (ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ), બ્રહ્મચારી વાડી ટ્રસ્ટ ઇન્સ્ટિટ્યૂટ ઑફ બિઝનેશ એડમિનિસ્ટ્રેશન (બી.બી.એ.), શ્રી ભોળાભાઈ જેશિંગભાઈ અધ્યયન-સંશોધન વિદ્યાભવન તથા ગુજરાતની પ્રથમ કન્યાશાળા રા.બ. રણછોડલાલ છોટાલાલ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કન્યાશાળા પણ ચલાવવામાં આવે છે. તદ્ ઉપરાંત બીજી અનેક રીતે ગુજરાતમાં સ્વભાષા દ્વારા કેળવણી, સંસ્કાર તેમજ જ્ઞાનનો વધારો થાય તેવો પ્રયત્નો કરવામાં આવે છે. આ ઉપરાંત ગુજરાત વિદ્યાસભા, શ્રી ભો. જે. વિદ્યાભવન, સ્વ. કેશવ હર્ષદ ધ્રુવ, શ્રી હ.કા. આર્ટ્સ કૉલેજ, અને શ્રી હ.કા. કોમર્સ કૉલેજના સમૃદ્ધ પુસ્તકાલયો નિભાવવામાં આવે છે અને પ્રાચીન હસ્તપ્રતોનો ભંડાર તથા ભારતીય સંસ્કૃતિ અંગેનું પુરાતત્ત્વ સંગ્રહાલય પણ જળવાય છે.

**આપણી સંસ્થા વિદ્યાવૃદ્ધિના ક્ષેત્રમાં કાર્ય કરનાર જાહેર સંસ્થા હોઈ એને અપાતાં દાન આવકવેરાની કલમ ૮૦જી મુજબ આવકવેરામાંથી મુક્ત ગણાય છે.**

**સભાસદો :**

સંસ્થાના નોંધણીપત્રક મુજબ ૧૬૧ આજીવન સભાસદો છે. જેમાં અમદાવાદના ૯૨, બહારગામના ૬૫ અને વિદેશના ૪ સભ્યો છે.

## કાર્યાલય

ગુજરાત વિદ્યાસભાની ઑફિસ શ્રી એચ. કે. કૉલેજ કેમ્પસમાં ચાલે છે. ગુજરાત વિદ્યાસભાના કર્મચારીઓમાં એક મુખ્ય હિસાબનીશ, એક મદદનીશ હિસાબનીશ, એક પટાવાળો અને એક પગી છે.

## પ્રેમાભાઈ હોલ

ગુજરાત વિદ્યાસભાની પોતાની ૧૫૪૪ (૯૦૨ + ૬૪૨) ચો. વાર જેટલી જમીન હતી તેમાં એકવાયર કરેલી ૧૯૧૫.૧૦ ચો. વાર જેટલી જમીનનો વધારો થતાં કુલ જમીન ૩૪૫૯.૧૦ ચો. વાર જેટલી થાય છે. પરંતુ ૧૭૭-૭૦ ચો. વાર જેટલી જમીન કપાતમાં જતાં ૩૨૮૧-૪૦ ચો. વાર જમીન રહે છે.

## કારોબારી સમિતિ અને સામાન્ય સભા

હેવાલવાળા વર્ષમાં કારોબારી સમિતિની ૫ બેઠક મળી હતી અને સામાન્ય સભાની ૨ બેઠક મળી હતી.

## વિવિધ સમિતિઓ

જુદી જુદી પ્રવૃત્તિઓ માટે તા. ૦૧-૦૪-૨૦૧૩ થી ૩૧-૩-૨૦૧૫ સુધીના સમયગાળા માટે ઉપસમિતિઓની રચના કરવામાં આવેલ છે. દરેક મીટીંગમાં માનાર્હ મંત્રી અને માનાર્હ સહમંત્રી હોદ્દાની રૂએ સભ્ય ગણાય છે.

### (૧) ગ્રંથપ્રકાશન ઉપસમિતિ

૧. શ્રી કુમારપાળ દેસાઈ
૨. શ્રી પ્રફુલ્લભાઈ મહેતા
૩. શ્રી મુગટલાલ બાવીસી

### (૨) બુદ્ધિપ્રકાશ ઉપસમિતિ

૧. શ્રી મધુસૂદનભાઈ પારેખ
૨. શ્રી કુમારપાળભાઈ દેસાઈ
૩. શ્રી મુગટલાલ બાવીશી
૪. શ્રી પ્રફુલ્લભાઈ એન. મહેતા

### (૩) રા. બ. ર. છો. પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કન્યાશાળા

૧. શ્રી પુરુસોત્તમદાસ જી. પટેલ (કન્વીનર)
૨. શ્રી મેરુભાઈ ઝીંઝુવાડિયા
૩. શ્રી હરિપ્રસાદ પાઠક
૪. શ્રી આરમઈતીબેન દાવર
૫. શ્રી અંબાલાલ એમ. પટેલ

### (૪) લાયબ્રેરી ઉપસમિતિ

૧. શ્રી સુરેશભાઈ શુક્લ
૨. શ્રી સુભાષભાઈ બ્રહ્મભટ્ટ
૩. શ્રી સુબંધુ પરીખ

### (૫) ઠરાવો અને કેમ્પસ બુલેટીન ઉપસમિતિ

૧. શ્રી મદનમોહન વૈષ્ણવ
૨. શ્રી બિપિનચંદ્ર શાહ

### (૬) એકેડેમીક સમિતિ

૧. શ્રી અંબાલાલ પટેલ
૨. શ્રી આરમઈતીબેન દાવર
૩. શ્રી સુભાષભાઈ બ્રહ્મભટ્ટ
૪. શ્રી પુરુષોત્તમદાસ જી. પટેલ

### (૭) કેમ્પસ ડેવલપમેન્ટ અને સીવીલ વર્ક ઉપસમિતિ

૧. શ્રી હસમુખ પટેલ
૨. શ્રી સુભાષભાઈ બ્રહ્મભટ્ટ

### (૮) શ્રી ચીનુભાઈ ચીમનભાઈ સભાગૃહ ઉપસમિતિ

૧. શ્રી પૌલીમીબેન રાજીવભાઈ
૨. શ્રી સુભાષભાઈ બ્રહ્મભટ્ટ
૩. શ્રી બ્રહ્મચારી વાડી ટ્રસ્ટ સમિતિમાંથી માનાર્હ મંત્રી, ઉપપ્રમુખ અને રાજેશભાઈ જયકૃષ્ણભાઈ

### (૮) ગુજરાત વિદ્યાસભા ઈમારત અને વિકાસ ફંડ

૧. પ્રમુખશ્રી
૨. માનાર્હ મંત્રીશ્રી
૩. શ્રી હસમુખભાઈ પટેલ
૪. શ્રી સુભાષભાઈ બ્રહ્મભટ્ટ

## વ્યાખ્યાનો તથા અન્ય કાર્યક્રમો

### શેઠ ચીનુભાઈ ચીમનભાઈ સભાગૃહનો શુભારંભ (ઉદ્‌ઘાટન)

ગુજરાતના શિક્ષણ અને કલાજગતમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપનારી સૌથી જૂની સંસ્થા ગુજરાત વિદ્યાસભા અને બ્રહ્મચારી વાડી ટ્રસ્ટના આધુનિક સુવિધાથી સજ્જ શ્રી એચ. કે. કૉલેજના પરિસરમાં આવેલ નવનિર્મિત શેઠ ચીનુભાઈ ચીમનભાઈ સભાગૃહ તા. ૨૪-૦૨-૨૦૧૫, મંગળવારના રોજ સર્વશ્રી બાલકૃષ્ણ દોશી, કુમારપાળ દેસાઈ, રઘુવીર ચૌધરી, શ્રેયાંસ શાન્તિલાલ શાહ, રાજીવ લાલભાઈ, પૌલોમીબેન રાજીવભાઈ, સુભાષ બ્રહ્મભટ્ટ અને માનાર્હ મંત્રીશ્રી અંબરિષ શાહના હસ્તે મંગળદીપ પ્રગટાવી હોલને ખુલ્લો મૂકવામાં આવ્યો. ત્યારબાદ 'દર્શક' જન્મ શતાબ્દિ વર્ષ નિમિત્તે મનુભાઈ પંચોળી - 'દર્શક' લિખિત પ્રસિદ્ધ નવલકથા ''સોક્રેટિસ'' પર આધારીત ભરત દવે રૂપાંતરિત અને રાજુ બારોટ દિગ્દર્શિત ગુજરાતી રંગભૂમિનું 'માઇલસ્ટોન' દ્વિઅંકી નાટક ''કશુંક ભાળી ગયેલો માણસ'' (સોક્રેટિસ) ભજવવામાં આવ્યું. ૫૦ કલાકારોના કાફલા સાથે આ નાટક આપણને સોક્રેટિસના સમયના ગ્રીસમાં લઈ ગયું અને એથેન્સ તથા સ્પાર્ટેક્સ લોકોની તત્કાલિન રાજકીય તળજોડોનું ચિત્ર ખડું કર્યું.

### વિદ્યાબહેન નિલકંઠ સ્મારક વ્યાખ્યાન

શ્રીમતી વિદ્યાબહેન નીલકંઠ સ્મારક વ્યાખ્યાનમાળા અંતર્ગત જાણીતા હાસ્યકાર, નિબંધકાર અને વિવેચક શ્રી રતિલાલ બોરીસાગરે ''હાસ્ય અને જીવનનિરૂપણ : રમણભાઈ નીલકંઠ, વિદ્યાબહેન અને જ્યોતીન્દ્ર દવેના પરિપ્રેક્ષ્યમાં'' એ વિષય પર તા. ૨૭-૧૧-૨૦૧૪ને ગુરુવારના રોજ વ્યાખ્યાન આપ્યું હતું.

## શિષ્યવૃત્તિ - ઈનામ વિતરણ સમારોહ

ગુજરાતી ભાષા સાહિત્યના ઉત્કર્ષ માટે સ્થપાયેલ ગુજરાત વિદ્યાસભાનું ગુજરાતના શિક્ષણ અને કલા જગતમાં મહત્ત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. આ સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓને પ્રતિ વર્ષ શિષ્યવૃત્તિ અને ઈનામ આપવામાં આવે છે. આ વર્ષે શિષ્યવૃત્તિ-ઈનામ એનાયત કરવાના સમારંભનું આયોજન તા. ૩૧-૩-૨૦૧૫, મંગળવારના રોજ કરવામાં આવ્યું તે દિવસે યોગ અને મંત્ર ઉપાસક શ્રી રશ્મિકાંત ભટ્ટે ''શરીર, મન અને આત્માનો સંતુલિત વિકાસ કેવી રીતે સાધવો ?'' એ વિષય ઉપર અને શ્રી સુરેશ ગઢવીએ ''વ્યક્તિ વિકાસ અને જીવન જીવવાની કળા'' એ વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું હતું.

### હિસાબ તથા ઊપજ-ખર્ચ

| | આવક | ખર્ચ | વધારો/ઘટાડો |
|---|---|---|---|
| ગુજરાત વિદ્યાસભા | ૪૬૩૬૯૨ | ૬૯૧૮૩૬ | – ૨૨૮૧૪૪ |
| ગુજરાત વિદ્યાસભા ઈમારત અને વિકાસ ફંડ | ૧૫૧૪૧૫૮ | ૧૦૧૫૩૮૪ | ૪૯૮૭૭૪ |
| ચીનુભાઈ ચીમનભાઈ સભાગૃહ | ૭૦૪૨૨૦ | ૪૦૪૩૩૭૩ | – ૩૩૩૯૧૫૩ |
| | **૨૬૮૨૦૭૦** | **૫૭૫૦૫૯૩** | **– ૩૦૬૮૫૨૩** |

આમ સને ૨૦૧૪-૧૫નાં વર્ષમાં ગુજરાત વિદ્યાસભાની કુલ વાર્ષિક આવક રૂ. ૨૬૮૨૦૭૦-૦૦ છે અને ખર્ચ રૂ.૫૭૫૦૫૯૩-૦૦ થયો છે એટલે વર્ષ આખરે રૂ. ૩૦૬૮૫૨૩-૦૦ ખર્ચ કરતાં આવકનો વધારો થાય છે.

### ટ્રસ્ટ ફંડો

૨૦૧૪-૧૫ના વર્ષની શરૂઆતમાં ગુજરાત વિદ્યાસભા હસ્તકનાં સ્થાયી ટ્રસ્ટફંડોની કુલ રકમ રૂ. ૮૦૯૬૨૧૩ હતી જેમાં વર્ષ દરમિયાન નવાં ફંડો, વ્યાજ તથા અન્ય રકમ રૂ. ૮૮૫૧૮૫ ઉમેરાતાં કુલ રકમ રૂ. ૮૯૮૧૩૯૮ થઈ છે. આ રકમ પૈકી જુદાં જુદાં ફંડો ખાતે ઉધારેલી રકમ રૂ. ૫૬૭૧૦૧ બાદ જતાં વર્ષ આખરે રૂ. ૮૪૧૪૨૯૭ જમા રહે છે જે નીચે પ્રમાણે છે :

| | |
|---|---|
| નિશાળ માટેનાં ફંડો | ૫૧૧૯૧૦-૦૦ |
| પુસ્તકાલય માટેનાં ફંડો | ૨૦૭૦૮૨-૦૦ |
| સંસ્થાઓને આપવા માટેનાં ફંડો | ૨૧૭૭૩૪-૦૦ |
| ઉચ્ચ અભ્યાસ-સંશોધન માટેનાં ફંડો | ૨૧૧૦૩૨૬-૦૦ |
| પ્રકાશન માટેનાં ફંડો | ૧૮૦૭૮૨૨-૦૦ |
| ઈનામો માટેનું ફંડ | ૧૬૫૦૦૦૦-૦૦ |
| શિષ્યવૃત્તિ માટેનું ફંડ | ૧૯૦૯૪૨૨-૦૦ |
| **કુલ ફંડો** | ૮૪૧૪૨૯૭-૦૦ |

ગુજરાત વિદ્યાસભા પાસે સ્થાયી ફંડો સિવાયનાં અન્ય ફંડો ખાતે વર્ષ આખરે રૂ. ૩૯૨૮૯૪૧ જમા રહે છે.

## ગુજરાત વિદ્યાસભાને વર્ષ દરમિયાન મળેલ મેગેઝીન

⊙ **ગુજરાતી પખવાડિક** : ૧. ભૂમિપુત્ર, ૨. નિરીક્ષક, ૩. સર્વોદય પ્રેસ, ૪. દલીત અધિકાર, ૫. નયા માર્ગ

**માસિક** : ૧. નવચેતન, ૨. હિંદુ મિલન મંદિર, ૩. ઘરશાળા, ૪. આર્થિક વિકાસ ૫. પરબ, ૬. પ્રબુદ્ધ જીવન, ૭. વિ. વિદ્યાનગર, ૮. ભાગવતામૃતમ ૯. રામકૃષ્ણ જ્યોત, ૧૦. ઓળખ, ૧૧. પ્રત્યક્ષ, ૧૨. કુમાર, ૧૩. શબ્દસર, ૧૪. પ્રગતિશીલ શિક્ષણ, ૧૫. સુખીજીવન, ૧૬. શબ્દસૃષ્ટિ

**ત્રિમાસિક** : ૧. એતદ્, ૨. હયાતી, ૩. મીરાયન, ૪. ફાર્બસ ગુજરાતી સભા ૫. રામકથા

⊙ **અંગ્રેજી** : ૧. Prubuddha Bharat, ૨. SAMBODHI


# ગુજરાત વિદ્યાસભા-કારોબારી સમિતિ

**પ્રમુખ** : બાલકૃષ્ણ વી. દોશી

**ઉપપ્રમુખ** : કુમારપાળ દેસાઈ

**માનાર્હ મંત્રી** : અંબરીષભાઈ શાંતિલાલ શાહ

**માનાર્હ સહમંત્રી** : રાજેન્દ્ર નટવરલાલ મહેતા (અવસાન : ૧૨-૯-૨૦૧૪)

**સભાસદો**

આરમઈતી ફીરોઝ દાવર
પુરુસોત્તમદાસ જી. પટેલ
પ્રફુલ્લભાઈ નર્મદાશંકર મહેતા
સુરેશ કૃપાશંકર શુક્લ
હસમુખ સી. પટેલ
મેરૂભાઈ મગનલાલ ઝિંઝુવાડિયા
અંબાલાલ માધવલાલ પટેલ
મદનમોહન બિહારીભાઈ વૈષ્ણવ
હરિપ્રસાદ ડાહ્યાભાઈ પાઠક (અવસાન ૬-૭-૨૦૧૫)
મુગટલાલ પોપટલાલ બાવીશી
મધુસૂદન હીરાલાલ પારેખ
બિપીનચંદ્ર ચંદુલાલ શાહ
પ્રિ. સુભાષભાઈ વાડીલાલ બ્રહ્મભટ્ટ
સુબન્ધુ રસીકલાલ પરીખ
નિરંજન નરહરિ ભગત
પૌલોમીબહેન રાજીવભાઈ

## બ્રહ્મચારી વાડી ટ્રસ્ટ એક્ઝીક્યૂટિવ કમિટિ

(૧) બાલકૃષ્ણ વી. દોશી (૨) કુમારપાળ દેસાઈ (૩) અંબરીષભાઈ શાહ
(૪) રાજેશભાઈ જયકૃષ્ણભાઈ (૫) રઘુવીર ચૌધરી

# આર. બી. આર. સી. પ્રાથમિક કન્યાશાળા

## અમૃતલાલની પોળ, ખાડિયા, અમદાવાદ-૩૮૦૦૦૧ ફોન : ૨૨૧૪૩૫૦૫

ગુજરાત વિદ્યાસભા સંચાલિત શ્રી આર.બી. આર.સી. પ્રાથમિક કન્યાશાળા ૧૨૨ વર્ષથી ખાડિયા વિસ્તારમાં કાર્યરત છે. કન્યાકેળવણીને ઉત્તેજન આપી કન્યાઓને સર્વાંગી વિકાસ કરવો એ જ શાળાનો મુખ્ય ધ્યેય છે.

શાળામાં દર વર્ષે જુ.કે.જી. થી શરૂ કરી ધો. ૮ સુધીનું શિક્ષણ અને શિક્ષકોના માર્ગદર્શન હેઠળ અભ્યાસેતર વિવિધ પ્રવૃત્તિઓનું તેમજ સ્પર્ધાઓનું આયોજન નીચે પ્રમાણે કરવામાં આવેલ છે.

- તા. ૩૦-૬-૨૦૧૪ ના રોજ લોકશાહી ઢબે વર્ગ મોનિટર પ્રતિનિધિની ચૂંટણી કરવામાં આવી. જેમાંથી વિવિધ સમિતિઓ- પ્રાર્થના, સફાઈ, શિસ્ત, સમાચાર-વાચન, પ્રવાસ, મનોરંજન વગેરેની રચના કરવામાં આવી.
- દરરોજ પ્રાર્થના પછી સમાચાર-વાંચન, સમૂહ શ્લોક-ગાન તેમજ દુનિયાની અવનવી જાણકારી આપવામાં આવે છે.
- તા. ૮-૭-૨૦૧૪ થી ૧૪-૭-૧૪. ગૌરીવ્રત સપ્તાહની ઊજવણી કરેલ. જેમાં દરરોજ વિવિધ સ્પર્ધાઓ અનુક્રમે - મહેંદી, ચાંલ્લા, આરતી-સુશોભન, વેશભૂષા, કેશ-ગૂંફન, ગૌરીવ્રત, ગીતો, એક મિનિટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાંથી પ્રથમ બે નંબર આવનાર વિદ્યાર્થીઓને ફોરમબેન જાની-(શિક્ષક) તથા વાલીશ્રી તરફથી ઈનામોની વહેંચણી કરી.
- તા. ૧૪-૮-૧૪ના રોજ આપણો રાષ્ટ્રીય તહેવાર-પંદરમી ઓગષ્ટની રંગેચંગે ઊજવણી કરી જેમાં ૧ થી ૪ સુલેખન સ્પર્ધા, શ્રે- ૫ થી ૮ની દેશભક્તિના ગીતોની સ્પર્ધા યોજવામાં આવી. કાર્યક્રમને અંતે આઝાદીના દિવસો, વીર સપૂતોને યાદ કરી - નારાઓથી શાળા ગૂંજી ઊઠી.
- તા. ૨૦-૮-૨૦૧૪ના રોજ જુ.કે.જી, સિ.કે.જી. ના ભૂલકાંઓ ને કાંકરિયા - લેકફ્રન્ટ - પિકનિક લઈ ગયા જેમાં ભૂલકાંઓએ જલપરી-બસ, અટલ એક્સપ્રેસ-ટ્રેન, વિવિધ રાઈડ્સની મજા માણી.
- તા. ૨૬-૮-૨૦૧૪ના રોજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, શાળા નં. ૨ માં C.R.C. કક્ષાએ યોજેલ ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં ભાગ લીધેલ. જેમાં આર.બી.આર.સી. પ્રા. શાળાને વિભાગ-૨ - 'નકામા કચરામાંથી ઊર્જા'. મોડલને શ્રેષ્ઠ કૃતિ તરીકે પસંદ કરી જિલ્લા-કક્ષાએ ભાગ લેવા નિમંત્રણ આપ્યું.
- ધો. ૭-૮ના વિદ્યાર્થી મિત્રોએ પણ આ વિજ્ઞાનમેળાની મુલાકાત લીધી હતી.
- તા. ૫-૯-૧૪, પાંચમી સપ્ટેમ્બરે 'સ્વયંશિક્ષકદિન'ની ઊજવણી કરી ભાવિ શિક્ષક બનવાની તૈયારીના ભાગરૂપે, વિદ્યાર્થીઓએ સંપૂર્ણ શાળાનું સંચાલન કર્યું.
- તા. ૨૫-૯-૧૪, તા. ૨૬-૯-૨૦૧૪ના રોજ જિલ્લાકક્ષાએ શ્રી રાજેશભાઈ ત્રિવેદી - ગણિત-વિજ્ઞાન શિક્ષકના માર્ગદર્શન હેઠળ અગાઉ પસંદ થયેલ કૃતિ શ્રેષ્ઠ રીતે રજૂ કરેલ. જેમાં ગોઠવેલ **૩૦૦ કૃતિઓ**માંથી **૧૦ શ્રેષ્ઠ કૃતિઓ**માં આર.બી.આર.સી. પ્રા. શાળાની પસંદગી થયેલ.

- તા. ૨૫-૯-૧૪ના રોજ શ્રેણી-૧ તથા ૨ ના શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરેલ, જેમાં બાળકોએ પ્રાણીસંગ્રહાલય, કાંકરિયા લેક-ફ્રન્ટની મુલાકાત લીધેલ.
- તા. ૨૭-૯-૧૪ના રોજ રિલાયન્સ ગ્રુપ તરફથી રંગપૂરણી હરિફાઈનું આયોજન કરેલ.
- તા. ૩૦-૯-૧૪ના રોજ શાળામાં નવરાત્રિ-પર્વની ઊજવણી કરવામાં આવી. જેમાં ફેન્સી ડ્રેસ, અવનવી સ્ટાઈલ, ગરબાગ્રુપને ધ્યાનમાં રાખી ઈનામનું વિતરણ કરેલ અને દરેક વિદ્યાર્થીને લ્હાણી આપવામાં આવી.
- તા. ૯-૧૦-૧૪ના રોજ 'વિશ્વ અંતરિક્ષ સપ્તાહ' નિમિત્તે 'ઈસરો' દ્વારા યોજાયેલ 'મંગળ ગ્રહ અભિયાન' પ્રદર્શન - વિક્રમ સારાભાઈ કોમ્યુનીટી હૉલ, બોપલ ખાતે ત્રણ શિક્ષકો તથા ધો. ૮ ની ૧૫ વિદ્યાર્થિનીઓએ મુલાકાત લીધેલ.
- તા. ૯-૧૦-૧૪ના રાજ પોલીસ કમિશ્નર દ્વારા યોજાયેલ 'હલ્લા બોલ' કાર્યક્રમ Woman Safety Line - અંતર્ગત શિક્ષકો તથા વિદ્યાર્થિનીઓએ મુવી નિહાળી.
- તા. ૧૧-૧૦-૧૪ના રોજ 'રાષ્ટ્રીય ટપાલ સપ્તાહ'ની પોસ્ટલ ડિપાર્ટમેન્ટ કેન્દ્ર સરકાર દ્વારા ઊજવણી કરવામાં આવી હતી. જેમાં કાલુપુર રેલ્વે સ્ટેશન પર ગોઠવેલ પ્રદર્શનની ધો. ૮ની વિદ્યાર્થિનીઓએ રૂબરૂ મુલાકાત લીધેલ.
- દિવાળી વિકેશનમાં જે-તે ધોરણના વિદ્યાર્થીઓને જનરલ નૉલેજ અંગે ગૃહકાર્ય-નોંધપોથી આપેલ, જેમાંથી દિવાળી પછી તા. ૧૭-૧૧-૧૪ના રોજ સામાન્ય જ્ઞાન-લેખિત ક્વીઝનું આયોજન કરેલ.
- તા. ૨૦-૧૧-૧૪ના રોજ સામાન્ય જ્ઞાન-મૌખિક ક્વીઝનું આયોજન કરેલ.
- તા. ૧૪-૧૧-૧૪, 'જવાહરલાલ નહેરુ જન્મજયંતિ', 'બાળદિન' નિમિત્તે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા સંસ્કારકેન્દ્ર પાલડી ખાતે **૧૦,૦૦૦ વિદ્યાર્થીઓએ** ચિત્રસ્પર્ધામાં ભાગ લીધેલ. જેમાં આર.બી.આર.સી. પ્રા. શાળાની શ્રેણી-૫ની નગરવાલ જેતિકા જીજ્ઞેશકુમાર - **ગ્રુપ ૨ માં બીજો નંબર મેળવેલ**. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અર્જુન મોઢવાડિયા તરફથી ટ્રોફી ૨૫૦૦/- રૂા. ઈનામ મળેલ.
- તા. ૬-૧૨-૧૪ના રોજ શ્રેણી-૧ થી ૪ માં સુલેખન-સ્પર્ધાનું આયોજન કરેલ.
- તા. ૧૭-૧૨-૧૪ના રો 'સ્પ્રેટ' સંસ્થા-સરખેજ, આંતરશાળા ચિત્રસ્પર્ધાનું આયોજન કરેલ જેમાં આપણી શાળાના ૩૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. તેમજ એકપાત્રીય અભિનય - 'વસુધૈવ કુટુંબકમ્' થીમ પર અભિનય કરેલ.
- તા. ૨૪-૧૨-૧૪ના રોજ શ્રેણી-૧ થી ૮ નો શૈક્ષણિક પ્રવાસ-મહુડી, તિરૂપતિ ઉદ્યાન, ઐઠોર, ઊંઝા, ત્રિમંદિર ખાતે યોજાયો. જેમાં ૧૦૦ વિદ્યાર્થીઓ અને ૧૦ શિક્ષકો સાથે મળી મનભેર આનંદ માણ્યો.
- તા. ૨૬-૧૨-૧૪ના રોજ 'ગુજરાત વિદ્યાસભા'ના સ્થાપનાદિન નિમિત્તે શ્રી આર.બી.આર.સી. પ્રા. શાળા (હાઈસ્કૂલ)ના પ્રાંગણમાં ગાયત્રી-યજ્ઞનું આયોજન કરેલ. જેમાં ગાયત્રી પરિવારના બહેનોએ વિધિસહિત યજ્ઞ કરાવ્યો. જેમાં ટ્રસ્ટીશ્રી વૈષ્ણવસાહેબ, શ્રી પાઠક સાહેબ, શ્રી પટેલ સાહેબ, માનાર્હ મંત્રીશ્રી અંબરિષભાઈ સાહેબ, પ્રાથમિક તેમજ હાઈસ્કૂલના આચાર્યાશ્રી, શિક્ષકમિત્રો, સ્ટાફમિત્રો હાજર રહ્યાં હતા.
- તા. ૧૨-૧-૧૫ના રોજ ઉત્તરાયણ પર્વ નિમિત્તે શાળામાં જ પતંગોત્સવનું આયોજન કરેલ. જેમાં 'બેટી બચાવો', 'જળ બચાવો'... વગેરે થીમ પર જુદા જુદા સ્લોગનો પતંગો પર લખી આકાશમાં પતંગો

ઊડાડવાની  વિદ્યાર્થીઓએ મઝા માણી હતી. વિદ્યાર્થીઓને બોર, જામફળ, શેરડી, પતંગો પણ વહેંચ્યા હતા.

- તા. ૨૨-૧-૧૫, તા. ૨૩-૧-૧૫, 'નેશનલ વૉટર્સ ડે', સરકારશ્રી દ્વારા 'મતદાર જાગૃતિ અભિયાન' - અંતર્ગત ચૂંટણી-ક્વિઝનું શાળા કક્ષાએ આયોજન કરેલ.
- તા. ૨૪-૧-૧૫ના રોજ 'પ્રજાસત્તાક દિન' નિમિત્તે શાળામાં દેશભક્તિના ગીતો, વેશભૂષા હરિફાઈ, એકપાત્રીય અભિનય, સ્વચ્છતા અંગેના નાટકો રજૂ કર્યા. વિદ્યાર્થીઓને પેન્સિલ, રબર, ચોકલેટની વહેંચણી કરી.
- તા. ૩૦-૧-૧૫ના રોજ સરકારશ્રી દ્વારા 'મહાત્મા ગાંધીનિર્વાણ દિન' - ચિત્રસ્પર્ધાનું શાળામાં આયોજન કરેલ જેની 'ગિનિઝ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડઝ'માં નોંધણી થયેલ. જેમાં

  ૧૧.૦૦ થી ૧૧.૦૫ મૌન
  ૧૧.૦૫ થી ૧૧.૧૦ સ્વચ્છતા શપથ
  ૧૧.૧૫ થી ૧૨.૧૫ ચિત્રસ્પર્ધા.

  પ્રથમ, દ્વિતીય, તૃતીય નંબર લાવનારને ઈનામ આપેલ.
- તા. ૨૦-૨-૧૫ના રોજ વક્તૃત્વ સ્પર્ધા - ગુજરાતી, હિન્દી, અંગ્રેજી ત્રણેય ભાષામાં  - તેમજ વાર્તાકથન, અભિનયગીતની હરિફાઈનું આયોજન કરેલ.
- તા. ૨-૩-૧૫ના રોજ હાઈસ્કૂલની ધો. ૧૦, ૧૨ ની વિદ્યાર્થીનીઓને શિક્ષકો તેમજ આચાર્યાશ્રી તૃપ્તિબેન શાહ તરફથી પેનનું વિતરણ કરાયું.
- તા. ૨૪-૩-૧૫ના રોજ 'ગુજરાત વિદ્યાસભા' ટ્રસ્ટ તરફથી ગયા વર્ષના પ્રથમ, દ્વિતીય, તૃતીય નંબર લાવનારને તેમજ વર્ષ ૨૦૧૪-૧૫ની વિવિધ પ્રવૃત્તિઓમાં પ્રથમ, દ્વિતીય નંબર મેળવનાર વિદ્યાર્થીઓને, સૌથી વધુ હાજરી ધરાવનાર વિદ્યાર્થીઓને મહેમાનશ્રી, આચાર્યાશ્રી, શિક્ષકશ્રી, વાલીશ્રીના હસ્તે ઈનામોનું વિતરણ કરવામાં આવ્યું.

**– આચાર્યા, શ્રીમતી તૃપ્તિબેન શાહ**

## રા. બ. રણછોડલાલ છોટાલાલ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કન્યાશાળા

**દેસાઈની પોળ, ખાડિયા, અમદાવાદ-૩૮૦૦૦૧ ફોન : ૨૨૧૪૭૮૯૧**

રાવ બહાદુર રણછોડલાલ છોટાલાલ કન્યા શાળા જે ખાડિયા વિસ્તાર દેસાઈની પોળમાં આવેલ છે. આ શાળા આ વર્ષે ૧૨૨ વર્ષ પૂરા કરી ૧૨૩મા વર્ષમાં પ્રવેશ કરે છે. માત્ર કન્યા કેળવણી આપતી આ સંસ્થાનો ધ્યેય બાળાઓનો સર્વાંગી વિકાસ કરી સક્ષમ બનાવવાનો છે.

શાળામાં દર વર્ષે અભ્યાસેત્તર પ્રવૃત્તિઓ તથા સ્પર્ધાના આયોજનમાં બાળાઓને પ્રોત્સાહિત કરાઈને વિદ્યાસભા તરફથી ઈનામો આપવામાં આવે છે.

તા. ૨૦-૬-૧૪ ધો. ૯નો શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ ઉજવવામાં આવ્યો. ADI શ્રી આર.આઈ.પટેલ

સાહેબ તથા શ્રી આશુતોષભાઈની ઉપસ્થિતિમાં બાળાઓને પાણી બચાવો, ઉર્જા બચાવો, બેટી બચાવો વિગેરે વિષય પર શિક્ષણલક્ષી માર્ગદર્શન આપવામાં આવ્યું.

તા. ૨૪-૬-૧૪ શાળામાં વર્ગ પ્રતિનિધિની ચૂંટણી યોજાઈ તથા વિવિધ સમિતિઓની પણ ચૂંટણી યોજવામાં આવી. જેમાં પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી, સહમંત્રી તથા શિસ્ત સમિતિ, મનોરંજન, સફાઈ, પ્રવાસ, પાણી, રમતગમત વિગેરેની રચના થઈ.

તા. ૧૦-૭-૧૪ થી ગૌરીવ્રતની ઉજવણીમાં મહેંદી સ્પર્ધા, રંગોળી, આરતી સુશોભન, ચિત્ર, હેરસ્ટાઈલ, સર્જનાત્મક, વન મિનિટ, બોધવાર્તા, લોકગીત સ્પર્ધઆ યોજાઈ. સ્પર્ધાના અંતે સમૂહ ગરબા કરવામાં આવ્યા.

તા. ૧૨-૭-૧૪ ગુરુપૂર્ણિમા દિનની ઉજવણી કરવામાં આવી. જેમાં ગુરુપૂજન તથા વક્તવ્ય જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું. શાળાના નિવૃત્ત શિક્ષકો તથા આચાર્યને આમંત્રિત કરી બાળાઓએ તેમનું પૂજન કર્યું. બાળાઓને આશીર્વચન આપવામાં આવ્યા. ફળાહાર તથા ચોકલેટનું વિતરણ કરાયું.

તા. ૨૧-૭ તથા ૨૨-૭-૧૪ કબડ્ડીમાં U-17, U-19માં દ્વિતીય નંબર તથા ખો-ખો માં પણ દ્વિતીય નંબર મેળવ્યો. અનુક્રમે ત્રણ તથા બે બાળાઓ જિલ્લા કક્ષાએ સિલેક્ટ થઈ.

તા. ૫-૮ U-19 તથા તા. ૬-૮ U-17 એથ્લેટિક સ્પર્ધાઓ જેવી કે દોડ-કૂદ-ચક્રફેંક યોજાઈ.

ગાયત્રી પરિવારનાં સભ્ય દ્વારા શાળામાં વિદ્યાર્થીનીઓને સંસ્કાર પુસ્તિકા ભેટ આપવામાં આવી.

તા. ૯-૮-૧૪ રક્ષાબંધન પર્વ નિમિત્તે ભાઈ-બહેન સ્નેહ ગીત સ્પર્ધા યોજાઈ તથા શ્રી ગીતાબેન દ્વારા 'ઉત્સવપ્રિય માનવી' વિષય પર પ્રવચન અપાયું.

તા. ૧૩-૮-૧૪ યુવા ઉત્સવમાં ભાગ લઈ બાળાઓએ ચિત્ર સ્પર્ધામાં ત્રીજોનંબર, ભરતનાટ્યમમાં પ્રથમ તથા ગઝલ શાયરીલેખનમાં પ્રથમ નંબર મેળવ્યો,

તા. ૧૪-૮-૧૪ જન્માષ્ટમી ઉત્સવ ઉજવ્યો. તથા દેશભક્તિ ગીત સ્પર્ધા યોજાઈ. પ્રથમ, દ્વિતીય, તૃતીય તથા બે આશ્વાસન નંબરો આપ્યા.

તા. ૧૫-૮-૧૪ રાયપુર ચકલા ખાતે ધ્વજવંદન કાર્યક્રમ ખાડિયા વોર્ડના ધારાસભ્ય શ્રી ભૂષણભાઈ ભટ્ટની ઉપસ્થિતિમાં યોજાયો. ખાડિયાની સમગ્ર શાળાઓએ ઉત્સાહભેર ભાગ લીધો. દેશભક્તિનાં ગીતો રજૂ કર્યા.

તા. ૧૮-૮-૧૪ શાળાની બાળાઓ જે.ડી. નગરવાલા સ્ટેડિયમ શાહીબાગ ખાતે સવારે ૬-૦૦ વાગ્યે રાઈફલ શુટીંગ માટે સ્વખર્ચે ગયાં.

તા. ૧-૯-૧૪ આઈ.પી.મિશન શાળામાં વિજ્ઞાન મેળાની મુલાકાત લીધી.

સપ્ટેમ્બરમાં 'જ્ઞાન સપ્તાહ'ની ઉજવણી કરી. તા. ૧-૯-૧૪ થી ૫-૯-૧૪ સુધી વિવિધ કાર્યક્રમો જેવા કે શાળા સફાઈ, વર્ગ સુશોભન, ક્વીઝ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, નિબંધસ્પર્ધા, સમૂહ વાંચન, સ્વયં શિક્ષક દિન, પ્રભાત ફેરી - વ્યરાન મુક્તિ અંતર્ગત સ્લોગન સાથે રેલી, વૃક્ષારોપણ, વેશભૂષા હરિફાઈ, ગુરુવંદના જેવા કાર્યક્રમો યોજાયા. સુંદર દેશભક્તિનાં ગીતો રજૂ કર્યાં. તમામ હરિફાઈઓ અને કાર્યક્રમોને અંતે ઈનામ આપી ચોકલેટ વિતરણ કરવામાં આવ્યું.

તા. ૧૮-૯-૧૪ અમદાવાદ મ્યુ. કોર્પોરેશનમાંથી દવાખાનામાંથી દંત તપાસણીનું આયોજન કરવામાં આવ્યું.

ખેલ મહાકુંભમાં - ૨૦૧૪માં ૬૯ બાળાઓએ ઓનલાઈન એન્ટ્રી કરાવી.

તા. ૧-૧૦-૧૪ શાળાની બાળાઓ દ્વારા ગરબાનું આયોજન કરવામાં આવ્યું.

તા. ૨-૧૦-૧૪ ગાંધી જયંતિ નિમિત્તે 'સ્વચ્છતા અભિયાન' અન્વયે શાળા તથા પોળમાં સફાઈ કામગીરીમાં શાળા પરિવાર તથા બાળાઓએ ઉત્સાહભેર ભાગ લીધો.

ખેલ મહાકુંભ-૨૦૧૪ ની વિવિધ સ્પર્ધાઓ જેવી કે ખો-ખો, વોલીબોલ, એથ્લેટિક્સ, કબડ્ડી, શૂટીંગ બોલ, રસ્સાખેંચ વિગેરે યોજાઈ.

તા. ૭-૧૧-૧૪ના DEO ના પરિપત્ર અન્વયે 'સ્વચ્છતા અભિયાન'ની ઉજવણી કરાઈ.

તા. ૧૪-૧૧-૧૪નાં રોજ 'સ્વચ્છ શાળા', તા. ૧૫-૧૧નાં રોજ 'સ્વચ્છ ખોરાક', તા. ૧૭-૧૧નાં રોજ 'સ્વ સ્વચ્છતા' તથા તા. ૧૮-૧૧ નાં રોજ 'સ્વચ્છ પીવા લાયક પાણી', તા. ૧૯-૧૧નાં રોજ 'સ્વચ્છ શૌચાલય' જેવા કાર્યક્રમોનું આયોજન આચાર્યા શ્રી કલ્પનાબેન મેઘા, શિક્ષકો શ્રી વિમલભાઈ, શ્રી દુર્લભભાઈ, શ્રી હેમાબેન, શ્રી નીલાબેન, શ્રી ભાનુબેન, શ્રી ઠાકરશીભાઈ, શ્રી ગીતાબેન, શ્રી દિવ્યાબેન, ગ્રંથપાલશ્રી સુનિતાબેન તથા વહીવટી સ્ટાફ શ્રી રૂપલબેન, શ્રી દિલીપભાઈ તથા શ્રી કલાબેન પટાવાળાં દ્વારા માર્ગદર્શન પુરુ પાડીને કરવામાં આવ્યું. ગાંધીજીના આદર્શોને જીવનમાં ઉતારવાના ધ્યેય સાથે કાર્યક્રમની પૂર્ણાહૂતિ થઈ. આ કાર્યક્રમની સીડી તથા અહેવાલ DEO કચેરીએ મોકલાવ્યો.

તા. ૧૨-૧૧-૧૪ ધો. ૧૦ તથા ધો. ૧૨ની બાળાઓને કારકિર્દી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું.

તા. ૨૪-૧૧-૧૪ હેરીટેજ વીકની ઉજવણીના ભાગરૂપે શાળામાં ક્વીઝ સ્પર્ધાનું આયોજન ખાડિયાના ઇતિહાસ સમિતિના મુખ્ય સભ્ય શ્રી આશુતોષભાઈ ભટ્ટ, ડૉ. હેમંતભાઈ ભટ્ટ, શ્રી મયુરભાઈ દવેની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું. તથા શાળાના માનાર્હમંત્રી શ્રી અમરિષભાઈ તથા શ્રી પાઠકભાઈ સાહેબોએ ઉપસ્થિત રહી બાળાઓને પ્રોત્સાહન આપ્યું.

તા. ૨૬-૧૧-૧૪ શાળાનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો. ૫૪ બાળાઓ તથા શિક્ષકોએ ભાગ લીધો.

તા. ૧-૧૨-૧૪ 'એઈડ્ઝ નિમિત્તે ધો. ૧૨ની બાળા દ્વારા રોગ વિશે વક્તવ્ય અપાયું. ધો. ૧૧-૧૨ની બાળાઓ સાથે એઈડ્ઝ જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું.

તા. ૧૬-૧૨-૧૪ સ્પ્રેટ સોસાયટી ફૉર પ્રમોટીંગ રેશનાલીટી દ્વારા આંતર શાળા સ્પર્ધામાં નિબંધસ્પર્ધા છ બાળાઓ તથા ચિત્ર સ્પર્ધામાં પાંચ બાળાઓએ ભાગ લીધો.

તા. ૨૬-૧૨-૧૪ ગુજરાત વિદ્યાસભા સ્થાપના દિન નિમિત્તે શાળાના ટ્રસ્ટીગણની ઉપસ્થિતિનાં ગાયત્રી હવન કરવામાં આવ્યો. પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ-માધ્ય, વિભાગના સહયોગથી કાર્યક્રમ રાખવામાં આવ્યો.

તા. ૨૭-૧૨-૧૪ ઈકો ક્લબ દ્વારા 'પૌષ્ટિક આહાર' સ્પર્ધાનું આયોજન થયું. બાળાઓએ ઉત્સાહભેર ભાગ લીધો.

તા. ૬-૧-૧૫ ધો. ૯, ૧૧ની બાળાઓને લઈને સુંદરવન ખાતે મુલાકાતે ગયાં.

તા. ૭-૧-૧૫ રાય યુનિવર્સિટી, સરોડા રોડ, ધોળકા ખાતે ધો. ૧૧-૧૨ની બાળાઓને મુલાકાતે લઈ ગયા જ્યાં વિવિધ અભ્યાસક્રમોની જાણકારી મળી.

તા. ૧૩-૧-૧૫ શાળામાં પતંગઉત્સવનું આયોજન કરાયું.

તા. ૨૮-૧-૧૫ મહાત્મા ગાંધી નિર્વાણ દિન નિમિત્તે યોજાનાર રાજ્યકક્ષાની ચિત્ર સ્પર્ધાના પરિપત્ર મુજબ તા. ૩૦-૧-૧૫નાં રોજ ધો. ૯, ૧૦, ૧૧, ૧૨ ની બાળાઓની ચિત્ર સ્પર્ધા 'ગાંધીજી અને સફાઈ' વિષય પર યોજવામાં આવી. શાળા તરફથી ધો. ૯-૧૦ ને પેન્સિલ કલર, ક્રેયોનકલર, સ્કેચપેન, પેન્સિલ, રબર, સંચા આપવામાં આવ્યા તથા ધો. ૧૧-૧૨ ને વોટર કલર, પેન્સિલ, રબર, સંચા વિગેરે આપવામાં આવ્યું. આ સ્પર્ધામાં ધો. ૯-૧૦ માંથી પ્રથમ, દ્વિતીય, તૃતીય તથા ધો. ૧૧-૧૨માંથી પણ પ્રથમ, દ્વિતીય, તૃતીય નંબર આપ્યા. નિર્ણાણકો તરીકે શ્રી વિમલભાઈ પંડ્યા, શ્રી જ્યોતિકાબેન સંઘાણી, શ્રી પ્રતુલભાઈ સંઘાણી, શ્રી મૈત્રીબેન પાસાવાલા એ ફરજ બજાવી હતી. આ કાર્યક્રમની શરૂઆત પૂ. ગાંધી બાપુને શ્રદ્ધાંજલિ આપવા બે મિનિટ મૌન પાળીને કરી. આ સમગ્ર કાર્યક્રમનો અહેવાલ ફોટા તથા સીડી ડીઈઓશ્રીની કચેરીમાં મોકલેલ છે.

તા. ૨૪-૨-૧૫નાં રોજ શાળાના ધો. ૧૦-૧૨ની બાળાઓ માટે શુભેચ્છા સંદેશ કાર્યક્રમ તથા વિવિધ સ્પર્ધાઓ વર્ષ દરમિયાન યોજવામાં આવી તેમાં વિજેતા બનેલ બાળાઓ તેમજ શૈક્ષણિકમાં પ્રથમ, દ્વિતીય, તૃતીય નંબરને પણ ઈનામ આપવામાં આવ્યા. શ્રી મનિષાબેન ઉપાધ્યાય તરફથી રૂ. ૧૦૦૦/- નો ફાળો આપેલ છે.

વર્ષ દરમિયાન વધુ પુસ્તકો વાંચનાર બાળાઓ તથા શિક્ષકશ્રીને પણ સુંદર પુસ્તકો ભેટ રૂપે ગ્રંથપાલશ્રી સુનિતાબેન ટેકરીવાલા તરફથી આપવામાં આવ્યા. તથા ઉપસ્થિત ટ્રસ્ટી મંડળનાં સભ્યો, મહેમાનો, પ્રાથમિક વિભાગ તથા હાઈસ્કૂલના સ્ટાફનાં સર્વ સભ્યોને 'વેદનાની સંવેદના' પુસ્તક ભેટ રૂપે આપ્યાં.

ટ્રસ્ટી મંડળનાં સભ્યો મહેમાનો તથા આચાર્યા બહેનો અને શિક્ષક મિત્રોએ દિકરીઓને આશીર્વચન આપ્યાં. અલ્પાહાર કર્યો તથા બાળાઓને શુભેચ્છા સાથે વિદાય આપી.

પરિણામ : વર્ષ માર્ચ ૨૦૧૪

**ધો. ૧૦ : ૬૯.૫૬%**

**ધો. ૧૨ : ૮૩.૦૧%**

**– કા. આચાર્ય, શ્રીમતી કલ્પનાબેન મેઘા**

## શેઠ ભોળાભાઈ જેશિંગભાઈ અધ્યયન સંશોધન વિદ્યાભવન

### હ. કા. કૉલેજ કંપાઉન્ડ, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯ ફોન : ૨૬૫૮૮૮૬૨

**સંચાલન :**

હેવાલવાળા વર્ષ દરમિયાન ભો.જે. ટ્રસ્ટ કાર્યવાહક સમિતિની કુલ - ૦૦ (શૂન્ય) બેઠક મળી હતી.

**અધ્યયન કાર્ય :**

સંસ્થાના અનુસ્નાતક કેન્દ્રમાં ભારતીય સંસ્કૃતિ વિષયમાં એમ.એ.નાં વર્ગો ચાલે છે. જેમાં એમ.એ.

સેમ-૨ માં ૦૩ વિદ્યાર્થીઓ અને સેમેસ્ટર-૪માં ૦૭ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતા. જેમનાં રીઝલ્ટ જાહેર થવાનાં બાકી છે.

**એમ.ફીલ. / પીએચ.ડી. માર્ગદર્શન :**

સંસ્થાના કાર્યકારી નિયામક ડૉ. રામજીભાઈ સાવલિયાના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી.ની પદવી માટે ગુજરાત યુનિવર્સિટીમાં ભારતીય સંસ્કૃતિ વિષયમાં કુલ - ૦૬ વિદ્યાર્થીઓ નોંધાયા છે. એમાંથી એક વિદ્યાર્થીએ ગુજરાત યુનિવર્સિટીમાં થીસીસ સબમીટ કરેલ છે.

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણમાં ઇતિહાસ વિષયમાં એમ.ફીલ.માં ૦૩ અને પીએચ.ડી. પદવી માટે ૦૪ વિદ્યાર્થીઓ ઉપરાંત સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગરમાં ૦૩ વિદ્યાર્થીઓ એમ.ફિલ.નો અભ્યાસ કરી રહ્યાં છે.

**''સામીપ્ય'' :**

સંસ્થાના સંશોધન સામયિક 'સામીપ્ય' પુ. ૩૦ અંક ૧-૪ (એપ્રિલ-૨૦૧૩ થી માર્ચ-૨૦૧૪ સુધી)નું પ્રકાશન હાથ ધરવામાં આવ્યું હતું. જે પૂર્ણ થઈ પ્રકાશિત થયેલ છે. અને ''સામીપ્ય'' પુ. ૩૧ અંક ૧-૪ પ્રકાશિત અંગેની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

**પુસ્તકાલય :**

૧૬૭ વર્ષ જૂના ગ્રંથાલયનાં એક ભાગમાં શ્રી મણિલાલ પરીખ વાંચનાલયની સગવડ ઊભી કરવામાં આવી છે. જેનો સંસ્થાનાં ભારતીય સંસ્કૃતિ અનુસ્નાતક કેન્દ્રનાં વિદ્યાર્થીઓ અને ગુજરાત તેમજ ભારતની વિવિધ યુનિવર્સિટીઓનાં સંશોધક વિદ્યાર્થીઓ ઉપરાંત દેશ-વિદેશનાં સંશોધકો અને વિદ્વાનો લાભ લે છે.

**અન્ય કાર્યક્રમો :**

**મ્યૂઝિયમ અને ગ્રંથાલય વિભાગ**

૧. હસ્તપ્રતવિદ્યા વિશે શ્રી હર્ષદ સંઘરાજકા (યુ.કે.)નું વ્યાખ્યાનનું આયોજન એપ્રિલ, ૨૦૧૪માં કરવામાં આવ્યું હતુ.
૨. પ્રાચીન ગ્રંથોના પ્રદર્શનનું આયોજન ઓગસ્ટ, ૨૦૧૪માં કરવામાં આવ્યું હતું.
૩. ''ગુજરાત વિદ્યાસભાનાં ઇતિહાસની ઝાંખી'' પ્રદર્શન ડિસેમ્બર, ૨૦૧૪માં ગોઠવવામાં આવ્યું હતું.
૪. ''પ્રાચીન હસ્તપ્રતોનાં ફોટોગ્રાફ્સ''નું પ્રદર્શન ફેબ્રુઆરી, ૨૦૧૫માં ગોઠવવામાં આવ્યું હતું.
૫. ''શક્તિ દર્શન પ્રદર્શન''નું ઓક્ટોબર, ૨૦૧૪ આયોજન કરવામાં આવ્યું હતું.
૬. ''માતૃભાષા દિન''ની ઉજવણી ફેબ્રુઆરી, ૨૦૧૫માં કરવામાં આવી હતી.
૭. ''રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણી''નું આયોજન એપ્રિલ, ૨૦૧૪માં કરવામાં આવ્યું હતું.
૮. ''વિશ્વ મ્યૂઝિયમ દિવસ''ની ઉજવણી માર્ચ, ૨૦૧૫માં કરવામાં આવી હતી.
૯. ''હસ્તપ્રત વિદ્યાનો વર્કશોપ''ની ગોઠવણ ફેબ્રુઆરી, ૨૦૧૫માં કરવામાં આવી હતી.
૧૦. ''વિશ્વ રંગભૂમિ દિન''ની ઉજવણી માર્ચ, ૨૦૧૫માં કરવામાં આવી હતી.

**– કા.નિયામક, ડૉ. રામજીભાઈ સાવલિયા**

# શ્રી હરિવલ્લભદાસ કાળિદાસ આર્ટ્સ કોલેજ

## આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯ ફોન : ૨૬૫૮૫૪૨૯

હરિવલ્લભદાસ કાળિદાસ વિનયન મહાવિદ્યાલય દર વર્ષે વિદ્યાર્થીઓને તેમના લક્ષ્ય અને વ્યક્તિત્વ વિકાસની માટે શિક્ષણપૂરક પ્રવૃત્તિઓ દ્વારા સતત પ્રયોગશીલ અને પ્રયત્નશીલ રહી છે.

### વિભાગીય પ્રવૃત્તિઓ

**સંસ્કૃત વિભાગ :**

વર્ષ ૨૦૧૪-૧૫ જૂન મહિનામાં શ્રી શાન મો મિતે દ્વારા 'રામસેતુ', સંસ્કૃત સાહિત્ય અકાદમી દ્વારા નિર્મિત 'આધુનિક સંસ્કૃત કવિ હર્ષદેવ માધવ' તેમજ ફાઉન્ડેશન કોર્ષના ભાગરૂપે રામજન્મભૂમિ-વનવાસ વગેરે સ્થળો દર્શાવતી ડોક્યુમેન્ટરી ફિલ્મો વિદ્યાર્થીઓને બતાવવામાં આવી.

ઑગસ્ટ ૨૦૧૪-૧૫ 'સંસ્કૃત વીકિપીડિયા' વિષયક મિહિર ઉપાધ્યાયએ તેમજ 'વાસ્તુશાસ્ત્ર' વિશે સામાન્ય માહિતી Powerpoint Presentation દ્વારા દર્શાવવામાં આવ્યું.

સપ્ટેમ્બર ૨૦૧૪-૧૫ 'People and Book' પરિસંવાદમાં સચિવશ્રી રમતગમત વિભાગ, મનોરંજન વિભાગ ગુજરાત રાજ્ય, શ્રી ભાગ્યેશ જહાએ 'મેઘદૂત' પર વ્યાખ્યાન આપ્યું.

મોરારી બાપુ દ્વારા દર વર્ષે આયોજિત 'સંસ્કૃતસત્ર'માં શ્રી હર્ષદેવ માધવે 'દૈવી શક્તિ' વિષય પર વ્યાખ્યાન આપ્યું. સાથે ત્રિદિવસીય સત્રમાં ડૉ. રવીન્દ્રભાઈ ખાંડવાલા અને ડૉ. હસમુખ બારોટ મહુવા સક્રિય રીતે હાજર રહ્યાં હતાં.

આ ઉપરાંત સાહિત્ય અકાદમીના ઉપલક્ષ્યમાં પ્રાદેશિક સ્તરે કપડવંજ ખાતે 'સંગોષ્ઠી' કાર્યક્રમ સાથે સંસ્કૃત સેવા સમિતિના દ્વારા આયોજિત પરિસંવાદમાં ડૉ. હસમુખ બારોટે આ હાજર રહી સક્રિય રીતે કાર્યરત થયાં હતાં.

૧૫-૧૬ સપ્ટેમ્બર ૨૦૧૪-૧૫ 'સંસ્કૃત સાહિત્યમાં બાળજન્મ, બાળ ઉછેર અને કેળવણી' વિષય ઉપર ગુજરાત, અમદાવાદ કૉલેજના ૧૨ પ્રોફેસરોએ પોતાના શોધપત્ર રજૂ કર્યા હતા. કાર્યક્રમનું પૂરું સંચાલન ડૉ. રવીન્દ્રભાઈ ખાંડવાલા અને ડૉ. હસમુખ બારોટ દ્વારા થયું હતું.

**સમાજશાસ્ત્ર વિભાગ :**

ઑગસ્ટ ૨૦૧૪-૧૫ ગુજરાત વિદ્યાપીઠના 'આદિવાસી કેન્દ્રની' મુલાકાત લેવાઈ. ગાંધીજીના જીવનમૂલ્યને સમજી શકે તે માટે 'ગાંધી આશ્રમ'ની મુલાકાત કરાવવામાં આવી. તો સાહિત્ય અને સમાજ વચ્ચેનો સંબંધ વિદ્યાર્થીઓ જાણે તે હેતુસર ધીરુભાઈ વણકરનું વ્યાખ્યાન યોજાયું હતું.

વી.એમ. સાફરિયા મહિલા કૉલેજ બોટાદમાં રાષ્ટ્રીય પરિસંવાદનો મુખ્ય વિષય 'ગરીબી અને બાળમજૂરી' અંતર્ગત પેપર રજૂ કરાયું.

આ સિવાય ૨૦૧૫ ફેબ્રુઆરીમાં અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક ડૉ. હેમંતકુમાર શાહનું 'સત્યના પ્રયોગો' વિષય

પર વ્યાખ્યાન થયું. માર્ચ ૨૦૧૫માં ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ દ્વિ-દિવસીય રાષ્ટ્રીય સેમિનાર વિષય સ્ત્રીઓની આજની સમસ્યાઓ' ઉપર પેપર રજૂ કર્યું.

**રાજ્યશાસ્ત્ર વિભાગ :**

ગુજરાતની ઐતિહાસિક ઘટનારૂપ ભારત-ચીનના વડાપ્રધાન-રાષ્ટ્રપ્રમુખની મુલાકાતનું જીવંત પ્રસારણ કરાયું. રાજ્યશાસ્ત્રના વિદ્યાર્થીઓ ભાગ લીધો અને ચર્ચા કરાઈ.

**તત્ત્વજ્ઞાન વિભાગ :**

વર્ષ ૨૦૧૪-૧૫ તત્ત્વજ્ઞાનના વિદ્યાર્થીઓ માટે રાજચંદ્રજી કેન્દ્ર દ્વારા ૧૦ દિવસીય ધ્યાન શિબિરનું આયોજન થયું. તત્ત્વજ્ઞાન પ્રાથમિક માહિતી, તર્કશાસ્ત્ર, દલીલ વગેરે કેવી રીતે શોખવું. તેને અંતર્ગત ડિસેમ્બર ૨૦૧૪-૧૫ સાપ્તાહિક ઉજવણી કરવામાં આવી.

પ્રા. ધર્મિષ્ઠા ગોહિલે તત્ત્વજ્ઞાન વિષયનો ધો. ૧૧-૧૨ અભ્યાસક્રમ તૈયાર કર્યો. ગર્ગ પબ્લિકેશન દ્વારા ૪ પુસ્તકોનું પબ્લિકેશન થયું.

પ્રો. એસ. ગરાળા ગુજરાત યુનિવર્સિટી ખાતેના રાજ્યકક્ષાના સેમિનાર, રાજકોટ રાષ્ટ્રીય સેમિનારમાં પોતાના વિષયો અનુસાર પેપર રજૂ કર્યો તો ગર્ગે પબ્લિકેશન દ્વારા તેમના બે પુસ્તકો પ્રકાશિત થયાં. વર્ષ દરમિયાન એમ.ફિલ. ના વિદ્યાર્થીઓને માર્ગદર્શક તરીકે કામ આપ્યું. સૌરાષ્ટ્ર, પાટણ, ગુજરાત, ભાવનગર યુનિવર્સિટી પરીક્ષાને લગતી કામગીરીમાં સક્રિય ભૂમિકા બજાવી.

ડૉ. ધર્મિષ્ઠા ગોહિલે વર્ષ ૨૦૧૪-૧૫ આકાશવાણી કેન્દ્ર ઉપર જીવનમાં પ્રાર્થનાનું મહત્ત્વ સમજાવતો લઘુવાર્તાલાપ આપ્યો. વર્ષ દરમિયાન રાષ્ટ્રીય અને પ્રાદેશિક સ્તરના સેમિનારોમાં પોતાનું વક્તવ્ય આપ્યું. સાથે યુનિવર્સિટી પરીક્ષા લગતું કાર્ય કર્યું. તત્ત્વજ્ઞાન વિષય પ્રાથમિક સમજણ, પ્રશ્નો વગેરેનો જીવંત પ્રસારણ VTV, GSTV ન્યૂઝ ચેનલ દ્વારા વક્તા ડૉ. ધર્મિષ્ઠા ગોહિલ ઉપસ્થિત રહ્યાં હતાં.

**ગુજરાતી વિભાગ :**

વર્ષે ૨૦૧૪-૧૫ દરમિયાન લેખક મનુભાઈ પંચોળી 'દર્શક' ના જીવન અને સર્જન ઉપર સાથે 'ઝેર તો પીધાં જાણી જાણી' ફિલ્મ બતાવવામાં આવી.

જૂલાઈ ૨૦૧૪-૧૫ પ્રખ્યાત ગઝલકાર ચિનુ મોદી દ્વારા 'કાવ્યપઠન' પરિસંવાદ યોજાયો. મધ્યકાલીન ભક્તિ કવિતા' વિષય ઉપર ડૉ. નાથાલાલ ગોહિલનું વ્યાખ્યાન યોજાયું.

સપ્ટે. ૨૦૧૪-૧૫ ગુજરાતી ભાષાના સંવર્ધન, વિકાસને લગતી શૈક્ષણિક સંસ્થાઓ જેવી કે ગૂજરાત વિદ્યાપીઠ, વિશ્વકોશ, ગુજરાતી સાહિત્ય પરિષદ, ભો. જે. વિદ્યાભવન, ગુજરાતી વિભાગના પ્રાધ્યાપકો દ્વારા વિદ્યાર્થીઓને મુલાકાત લેવડાવવામાં આવી.

વર્ષ ૨૦૧૫ પ્રો. અમૃતભાઈ પરમારની અધ્યક્ષતા હેઠળ ગાંધીનગર સ્થિત સમર્પણ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજના યજમાન પદે એચ. કે. આર્ટ્સમાં વિદ્યાર્થી સજ્જતા શિબિરમાં ૧૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

આ ઉપરાંત ૨૦૧૪-૧૫ વર્ષ દરમિયાન આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય, રાજ્ય, પ્રાદેશિક સ્તરે વિવિધ પરિસંવાદો, Paper Presentation થયાં જેમાં પ્રો. અમૃતભાઈ પરમાર ઉમાશંકર જોષી, નવલકથાનું વૈવિધ્ય જૉસેફ મેકવાનની ટૂંકી વાર્તાઓ વગેરે વિષય ઉપર વક્તવ્ય, તથા પેપર રજૂ કર્યા હતા.

**ભારતીય સંસ્કૃતિ :**

તા. ૧૩-૮-૧૪ના રોજ લોકસાહિત્યના ખ્યાતનામ શ્રી યોગેશ ગઢવીનો 'લોકસાહિત્ય અને લોકસંસ્કૃતિ' વિષય પર કાર્યક્રમનું આયોજન કરેલ હતું.

તા. ૨૦-૮-૨૦૧૪ના રોજ એફ.વાય.બી.એ.ના વિદ્યાર્થીઓને 'ધોળાવીરા' અને 'આર્કીટેક્ચરલ ઑફ ગુજરાત' પર ડોક્યુમેન્ટ્રી ફિલ્મ બતાવવામાં આવી.

તા. ૧૧-૯-૧૪ના રોજ શ્રી મુકેશ પટેલનું 'વિવેકાનંદ : યુગપુરુષ' વિષય પર વ્યાખ્યાન આપ્યું.

તા. ૨૧-૧૧-૧૪ના રોજ 'ગુજરાત ઇતિહાસ અધ્યાપક મંડળ' અને ભારતીય સંસ્કૃતિ વિભાગના ઉપક્રમે 'નૂતન ભારતના ઘડતરમાં શ્રી જવાહરલાલ નહેરુનું પ્રદાન' વિષય પર સેમીનારનું આયોજન કર્યું.

તા. ૨૮-૧-૧૫ના રોજ પ.પૂ. શ્રી અથર્વન્ ચિન્મયાનંદજીનું 'ગીતા-૧૫મો અધ્યાય' વિષય પર વ્યાખ્યાનનું આયોજન કર્યું હતું.

પ્રસિદ્ધ નાટ્યકાર શ્રી યઝદી કરંજિયાનું તા. ૨૯-૧-૧૫ના રોજ 'પારસી રંગભૂમિ' વિષય પર વ્યાખ્યાન ગોઠવાયું.

૩૧-૧-૧૫ના રોજ 'રેડિયોમિર્ચી-ટેલેન્ટ હન્ટ'નું આયોજન કરેલ હતું. જેમાં સંગીત, નૃત્ય સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓ વિજેતા થયા હતા અને ઇન્ટર કૉલેજ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો.

તા. ૯-૪-૧૫ના રોજ 'સહજ ધ્યાન' સંસ્થાના શ્રી જિજ્ઞેશ શેલતનું 'ધ્યાન અને યોગ' વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરેલ હતું. તા. ૧૪-૪-૧૫ થી તા. ૧૮-૪-૧૫ - ધ્યાન શિબિર કાર્યક્રમ કરેલ હતો.

'સ્વપ્નવાસવદત્તમ્' અને 'મૃચ્છકટિકમ્' વિષય પર સંસ્કૃત વિષયના વિદ્વાન શ્રી રવીન્દ્રભાઈ ખાંડવાળા તા. ૧૮-૮-૧૪ના રોજ વ્યાખ્યાનનું આયોજન કરેલ હતું.

**ઇતિહાસ વિભાગ :**

ઇતિહાસ અને ભા. સંસ્કૃતિના સંયુક્ત ઉપક્રમે તા. ૧૩-૮-૧૪ના રોજ અકાદમીના અધ્યક્ષ શ્રી યોગેશ ગઢવીનું 'લોકસાહિત્ય અને લોકસંસ્કૃતિ' વિષય ઉપર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૧૧-૯-૧૪ના રોજ શ્રી મુકેશ પટેલનું 'વિવેકાનંદ યુગપુરુષ' વિષય ઉપર ભારતીય સંસ્કૃતિના ઉપક્રમે ગોઠવાયેલ વ્યાખ્યાનમાં ઇતિહાસ વિભાગ જોડાયો હતો.

તા. ૨૯-૧-૨૦૧૫ના રોજ જાણીતા નાટ્યકર્મી શ્રી યઝદી કરંજીયાનું 'પારસી રંગભૂમિ' વિષય ઉપર વ્યાખ્યાન ગોઠવવામાં આવ્યું હતું. શ્રી કરંજીયાએ પોતાની વિશિષ્ટ શૈલીથી વિદ્યાર્થીઓને પારસી રંગભૂમિથી માહિતગાર કર્યા હતા.

તા. ૨૧-૧૧-૧૪ ના રોજ ઇતિહાસ અધ્યાપક મંડળ અને ઇતિહાસ અને ભારતીય સંસ્કૃતિના ઉપક્રમે 'નૂતન ભારતના ઘડતરમાં શ્રી જવાહરલાલ નહેરુ : સમીક્ષા'' વિષય ઉપર એક દિવસના રાજ્યસ્તરના સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાતના ત્રણ સન્માનનીય ઇતિહાસવિદો ડૉ. શિરિન મહેતા, ડૉ. ઉષાબેન ભટ્ટ અને ડૉ. ભારતીબેન શેલતનું સન્માન કરવામાં આવ્યું હતું.

૧૨-૮-૨૦૧૪ના રોજ શ્રી એચ.કે. આર્ટ્સ કૉલેજના સંસ્કૃત વિષયના અધ્યાપક શ્રી રવીન્દ્ર ખાંડવાલાએ

'ભારતની વિવિધ લિપિઓનો ઈતિહાસ' વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું હતું. વ્યાખ્યાનના અંતમાં પ્રશ્નોત્તરી પણ ગોઠવવામાં આવી હતી.

**ડિપાર્ટમેન્ટ ઑફ કમ્પ્યુટર એપ્લિકેશન**

સને ૨૦૧૪-૧૫ના શૈક્ષણિક વર્ષમાં ગુજરાત યુનિવર્સિટીની આ પ્રથમ કૉલેજ છે કે જેમણે કમ્પ્યુટર વિષયને કોર (મુખ્ય) વિષય તરીકે શરૂ કરવામાં આવ્યો. ગુજરાત યુનિવર્સિટીમાં કમ્પ્યુટરને કોર તરીકે ચાલુ કરવામાં આચાર્યશ્રી સુભાષભાઈ બ્રહ્મભટ્ટ તથા કમ્પ્યુટર વિભાગના પ્રા. ડૉ. વિમલ પંડ્યાનો ફાળો મુખ્ય રહ્યો છે.

સને ૨૦૧૪-૧૫ના શૈક્ષણિક વર્ષમાં ગુજરાત રાજ્યમાં પ્રથમવાર નવતર પ્રયોગ કમ્પ્યુટર એપ્લિકેશન વિભાગના પ્રા. ડૉ. વિમલ પંડ્યાએ આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ કર્યો. દરેક સેમીસ્ટરમાં સોફ્ટસ્કીલ અને ફાઉન્ડેશન કોર્સમાં વિદ્યાર્થીઓની ઓનલાઈન (કમ્પ્યુટર અગર તો સ્માર્ટફોન-મોબાઈલ) પરીક્ષા લેવામાં આવી અને પેપરલેસ પરીક્ષાની શરૂઆત કરી. (બંને ટર્મમાં લગભગ ૧૮૦૦ જેટલા વિદ્યાર્થીઓની સોફ્ટસ્કીલ અને ફાઉન્ડેશનની પરીક્ષા લીધી) આ માટેનું સોફ્ટવેર કમ્પ્યુટર એપ્લિકેશન વિભાગના પ્રા. ડૉ. વિમલ પંડ્યાએ એનરોઈડ બેઝ તેમજ સ્ટેન્ડલૉન બેઝ બનાવવામાં આવ્યું છે. જેની નોંધ સમગ્ર મિડિયા તેમજ વિવિધ યુનિવર્સિટીએ પણ લીધી અને આ નવતર પ્રયોગને બિરદાવ્યો હતો.

સેમીસ્ટર દીઠ (૧, ૩ અને ૨, ૪) વિદ્યાર્થીઓને અલગ અલગ વિષય આપીને ફરજિયાત રિસર્ચ વર્ક (પ્રોજેક્ટ કાર્ય) કરાવવામાં આવે છે.

કમ્પ્યુટર એપ્લિકેશનના પ્રા. ડૉ. વિમલ પંડ્યાએ નવતર પ્રયોગ કરીને એચ. કે. કૉલેજમાં જ કમ્પ્યુટર ડિપાર્ટમેન્ટમાં બેસીને સ્કાયપી થકી ઉમિયા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ ફૉર ગર્લ્સમાં વિદ્યાર્થીઓ તેમજ ફેકલ્ટી માટે મોબાઈલ એજ્યુકેશનનું લાઈવ લેક્ચરર ફેબ્રુઆરી ૨૦૧૫માં લીધું હતું.

**સેમીસ્ટર ૧ તેમજ ૩ ના વિદ્યાર્થીઓ માટે વર્કશોપનું આયોજન :**

| | | |
|---|---|---|
| ઓગસ્ટ ૨૦૧૪ | કમ્પ્યુટર એસેમ્બલ વર્કશોપ | શ્રી વિશાલ હરસોરા |
| ઓગસ્ટ ૨૦૧૪ | સૉફ્ટવેર ઈન્સ્ટોલેશન વર્કશોપ | ડૉ. જ્ઞાનેશ જાની |
| ઓગસ્ટ ૨૦૧૪ | વાયરસ રીમુવ વર્કશોપ | શ્રી આશિષ વ્યાસ |
| સપ્ટેમ્બર ૨૦૧૪ | મલ્ટીમિડીયા વિષયક સેમીનાર | એન.આઈ.આઈ.ટી. |
| ફેબ્રુઆરી ૨૦૧૫ | એનિમેશન વિષયક સેમીનાર | શ્રી કેયૂર શાહ |
| ફેબ્રુઆરી ૨૦૧૫ | કમ્પ્યુટરમાં કારકિર્દી | શ્રી રામ રાજપૂત |

મે ૨૦૧૫માં સેમીસ્ટર ૪ના વિદ્યાર્થીઓ માટે કમ્પ્યુટર સંલગ્ન પ્લેસમેન્ટનું આયોજન કર્યું છે.

આ ઉપરાંત કમ્પ્યુટર એપ્લિકેશન વિભાગ કૉલેજના તમામ કાર્યમાં સહાયભૂત થાય છે.

**પ્લેસમેન્ટ સેલ :**

PCS વોડાફોન કોલ સેન્ટર માટે ૩૦ વિદ્યાર્થીઓના ઈન્ટરવ્યુનું આયોજન.

VWEC કંપની દ્વારા કેરિયર કાઉન્સલીંગ-સેમિનાર તા. ૨૭-૭-૧૫.

સરકારશ્રીના આદેશ અનુસાર રાઈફલ ટ્રેનિંગ તથા મહિલા કોન્સ્ટેબલ ટ્રેનિંગમાં વિદ્યાર્થીઓને મોકલી.

ગુજરાત લૉ સોસાયટી બી.એડ્. કૉલેજમાં કારકિર્દી માટે ૫-૨-૧૫ ના રોજ સેમિનારનું આયોજન કર્યું. જેમાં ૮૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

Shaan Sky Production - મુંબઈ મિડીયામાં કારકિર્દી માટેના ઓડિશનનું આયોજન તા. ૫-૨-૧૫ના રોજ કરવામાં આવ્યું. જેમાં સંસ્થાની તમામ કૉલેજોએ ભાગ લીધો અને લગભગ ૫૨ જેટલા વિદ્યાર્થીઓએ ઓડિશન આપ્યા.

Mangalam કંપની દ્વારા એસોસિએટની જગ્યા માટેના ઇન્ટર્વ્યુ ૬ જૂન-૨૦૧૫ કરવામાં આવ્યા.

Max Life insurance Co. દ્વારા જુદી જુદી જગ્યા માટેની પોસ્ટ માટે ઇન્ટરવ્યુ તથા માર્ગદર્શનનું આયોજન. જેમાં ૩૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

Mamata - Airwings માં જુદી-જુદી જગ્યા માટેના ઇન્ટર્વ્યુ તથા માર્ગદર્શન નો સેમિનાર - ૭ એપ્રિલ-૨૦૧૫ ના રોજ કરવામાં આવ્યો.

Jumbo Jet-aviation Academy દ્વારા જુદી જુદી પોસ્ટ માટે તા. ૧૧, ૧૨, ૧૩, ૪-૧૫ના રોજ સેમિનાર તથા માર્ગદર્શન અને રજીસ્ટ્રેશનનું આયોજન.

Brainbow દ્વારા માઈન્ડ ટેસ્ટનો સેમિનાર બે દિવસ માટે કરવામાં આવ્યો જેમાં કૉલેજના લગભગ તમામ અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ સક્રિય ભાગ લઈ માઈન્ડ ટેસ્ટ કરાવ્યો.

Career tips Group દ્વારા ટેકનોલોજીમાં કેરિયર બનાવવા અંગેના સેમિનારનું આયોજન નવેમ્બર માસમાં કરવામાં આવ્યું.

S. K. Fimls દ્વારા વિદ્યાર્થીઓની કલાશક્તિ બહાર લાવવા અને કારકિર્દી બનાવવા માટેનું આયોજન કરવામાં આવ્યું. તા. ૧૦-૧-૨૦૧૫ના રોજ જેમાં સંસ્થાના ૩૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

**N. S. S. વિભાગ :**

**ઓરિએન્ટેશન :**

(૧) યુવાનો અને એન.એસ.એસ. વિષય પર વ્યાખ્યાન તા. ૨૭-૭-૨૦૧૪ના રોજ શ્રી સુરેશભાઈ ગઢવીનું ગોઠવવામાં આવેલ. જેમાં ૭૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

(૨) વ્યક્તિત્વ વિકાસ વિષય પર વ્યાખ્યાન તા. ૧૩-૮-૨૦૧૪ના રોજ ડૉ. થોમસ પરમારનું ગોઠવવામાં આવ્યું હતું. જેમાં ૧૧૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો

**સમાજદર્શન - મુલાકાત :**

(૧) ગુજરાત વિદ્યાપીઠનાં આદિવાસી કેન્દ્રની મુલાકાત.

(૨) વિકાસગૃહ - પાલડી

(૩) વૃદ્ધાશ્રમ - ઇન્કમટેક્ષ, ચંદ્રભાગા, વાસણા.

**તાલીમ :**

(૧) સહકારી શિક્ષણનો ઓપ વર્ગ : તા. ૨૧-૭-૨૦૧૪ થી ૨૬-૭-૨૦૧૪ દરમિયાન ૫૫ વિદ્યાર્થીઓએ તાલીમ લીધી.

(૨) એઈડ્સ નાબૂદી જાગૃતિ કાર્યક્રમ એક દિવસ તાલીમ : દ્વારા ૭૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

(૩) સેમીનાર : બાળમજૂરી નાબૂદી : ૧૫-૧૧-૨૦૧૪

ભારત સરકારનાં શ્રમ વિભાગ દ્વારા યોજવામાં આવ્યો. જેમાં ''ગુમ થયેલા બાળકો અને આપણી જવાબદારી'' વિષય પર સેમીનાર - રેલી સાથે યોજાયો. જેમાં ૭૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

(૪) માનવ અધિકાર : સેમીનાર :

એક દિવસીય સેમીનાનાર FPA નાં સહયોગથી યોજાયો. જેમાં ૮૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

**દત્તક ગામ, કોમ્યુનીટી વર્ક :**

(૧) અમારા દત્તકગામ નવાપુરા ગામ મુકામે સ્વચ્છતા અભિયાન તા. ૧૯-૯-૨૦૧૪નાં રોજ યોજવામાં આવેલ.

(૨) તા. ૨૨-૧૧-૨૦૧૪ના રોજ મેડીકલ ચેકઅપ સેવા કરવા ગયેલા.

**સમાજનાં સામુદાયિક જાગૃતિ માટે નીચેના કાર્યક્રમ કરવામાં આવ્યા હતાં.**

(૧) આશ્રમ રોડ ઉપરની ચાની કીટલી તથા નાસ્તાની લારી પર નાની ઉંમરનાં બાળકોને શિક્ષણ તથા જૂના કપડાંનું વિતરણ.

(૨) બાપુનગર, અમરાઈવાડી અને વાડજનાં રામાપીર ટેકરા વિસ્તારમાં અંધશ્રદ્ધા નિવારણ, પર્યાવરણીય જાગૃતિ અંગેનાં શેરી નાટકો કરવામાં આવ્યાં.

(૩) આરોગ્ય તપાસ માટેનાં મેડીકલ કાર્યક્રમ પણ કરવામાં આવ્યાં.

(૪) મતદાન જાગૃતિ માટેનાં નાના નાટકો પણ આની સાથે જોડી દીધેલાં.

**કોલેજ કેમ્પસ પ્રવૃત્તિ :**

(૧) ૧૫મી ઓગસ્ટે ધ્વજવંદન : ફ્રુટ વિતરણ - ઈન્કમટેક્ષ ખાતે આવેલ વૃદ્ધાશ્રમમાં.

(૨) ૫મી સપ્ટેમ્બર : શિક્ષક દિનની ઉજવણી.

(૩) ૩૦મી ઓગસ્ટ : સ્વચ્છતા અભિયાનનાં કાર્યક્રમ : ચિત્રસ્પર્ધા / નિબંધ સ્પર્ધા.

(૪) બ્લડ ડોનેશન કેમ્પ.

(૫) મેડીકલ ચેકઅપ કેમ્પ - FPA નાં સહયોગથી.

**યુનિવર્સિટી, સ્ટેટ, નેશનલ લેવલ પ્રવૃત્તિઓ**

(૧) યુનિવર્સિટીનાં લીલાપુર કેમ્પમાં ભાગ લીધો.

(૨) યુનિવર્સિટીમાં L.D. આર્ટ્સ કોલેજમાં યોજાયેલ કેમ્પમાં ભાગ લીધો.

(૩) યુનિવર્સિટી દ્વારા બીજીવાર લીલાપુર કેમ્પમાં ભાગ લીધો.

(૪) મોઢેશ્વરી વિભાગીય સેમીનારમાં ભાગ લીધો.

(૫) અણીયારી મુકામે શ્રેષ્ઠ વિદ્યાર્થીઓનો સેમીનાર.

(૬) પ્રો. ઓફિસનો તાલીમ - એમ.જી. સાયન્સ કૉલેજ, અમદાવાદ.

## વાર્ષિક શિબિર

તા. ૧-૩-૨૦૧૫ થી ૭-૩-૧૫ દરમ્યાન જીવણપુરા ગામ, તા. સાણંદ મુકામે ગ્રામોત્થાન શિબિર યોજવામાં આવી. જેમાં ''નિર્મળ ગામ - નિર્મળ વિકાસ'' એ ઉદ્દેશ સાથે શિબિર યોજવામાં આવી. જેમાં નીચેનાં પ્રોજેક્ટો તથા પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી.

(૧) જીવણપુરા ગામ જેમાં ૨૨૦૦ની વસ્તી છે. આ ગામમાં બાળલગ્ન પ્રથા, વ્યસનો અને સામાજિક અંધશ્રદ્ધા જોવા મળે છે. જેનાં આધારે સ્વચ્છતા અભિયાન, પર્યાવરણ જાળવણી જાગૃતિ, વ્યસન મુક્તિ નાબુદી અને સામાજિક અંધશ્રદ્ધા નાબૂદીના કાર્યક્રમના તથા પ્રોજેક્ટો હાથ ધરવામાં આવ્યાં.

(૨) મેડીકલ ચેકઅપ : જનરલ આરોગ્ય તપાસ તથા આંખની તપાસ કરવામાં આવી. જેમાં ૧૭૦ની આરોગ્ય તપાસ દ્વારા દવાઓ આપી.

(૩) ૮૦ વ્યક્તિઓની આંખ તપાસીને ૪૨ વ્યક્તિને ફ્રીમાં નંબરનાં ચશ્માં આપ્યા.

(૪) પ્રાથમિક શાળાનાં બાળકોનું આરોગ્ય તપાસતાં કુપોષણ જોવા મળ્યું. H.B.નું નીચું પ્રમાણ જોવા મળ્યું.

(૫) વ્યસનમુક્તિ અને દહેજ નાબુદી જેવા નાટકો દ્વારા લોકફાળો ૬૬૦૦ રૂા. નો એકત્રિત થતાં તે પ્રાથમિક શાળામાં શિક્ષણફંડ પેટે જમા કરાવ્યો.

(૬) પ્રાથમિક શાળાને અને ગામને ગ્રંથાલય માટે ૧૦૦ પુસ્તકો અંદાજિત રૂા. ૫૦૦૦-૦૦ની કિંમતનાં ભેટમાં આપ્યા.

(૭) શાળાનાં બાળકો માટે, શિબિરાર્થીઓ માટે અને ગામનાં સર્વેજનો માટે જરૂરિયાત મુજબની જાગૃતિ લાવવાનું મહત્ત્વનું કાર્ય કરવામાં આવ્યું.

**૧૫મી ઑગસ્ટ સ્વાતંત્ર્ય દિનની ઉજવણી :**

એચ. કે. આર્ટ્સ મહાવિદ્યાલય દર વર્ષે નવીન પ્રવૃત્તિઓ સાથે કાર્યક્રમોમાં રાષ્ટ્રીય સ્તરે રહેતા વિદ્વાનોને આમંત્રે છે.

વર્ષે ૨૦૧૪-૧૫ ધ્વજવંદન કવિ શ્રી હર્ષદેવ માધવ દ્વારા કરવામાં આવ્યું. તેમને આ વર્ષ દરમિયાન મહાકવિ કાલિદાસ ઍવૉર્ડથી સન્માનિત કરવામાં આવ્યાં છે. અને દિલ્હી સાહિત્ય અકાદમી તેમનું સન્માન કરી ચૂકી છે.

સ્વાતંત્ર્ય દિન નિમિત્તે હર્ષદેવ માધવ અને આચાર્ય શ્રી સુભાષ બ્રહ્મભટ્ટે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. વિદ્યાર્થીઓ પોતાનો વિચારો રજૂ કર્યા હતા.

**૨૦૧૫ વર્ષ પ્રજાસત્તાક દિનની ઉજવણી :**

૨૬ જાન્યુઆરી ૨૦૧૫ પ્રજાસત્તાક દિનની ઉજવણીના ભાગરૂપે એચ. કે. આર્ટ્સના મુખ્ય મહેમાન અને ધ્વજવંદન કર્તા ગુજરાતના પ્રખર અર્થશાસ્ત્રી શ્રી રોહિત શુક્લ તથા જહાંગીર ફાઉન્ડેશનના સંસ્થાન અને થ્રી ઈડિયટ્સ ફિલ્મના વાસ્તવિક 'રાંચો'ના હસ્તે સૌ પ્રથમ ધ્વજ વંદન કરાયું, ત્યાર પ્રાસંગિક ઉદ્‌બોધન શ્રી સુભાષ બ્રહ્મભટ્ટ દ્વારા થયું.

આજની દેશની વર્તમાન સ્થિતિ વિકાસ કે વિનાશ તરફ છે ? તો ભારત પાસે યુવાધન ખૂબ છે તે બાબત ઉપર રોહિત શુક્લાએ ભાર મૂક્યો હતો.

અંતમાં આજે આપણે દેશને શી રીતે ઉપયોગી થઈએ ? વિદ્યાર્થી પુસ્તકીયું જ્ઞાન માત્ર ન લે પરંતુ આંતરસૂઝ દ્વારા તેને ગમતાં વિષય થકી તે સ્વ વિકાસ કરે તેવી અભ્યર્થના સાથે તેમનું વક્તવ્ય ટૂંકાવ્યું હતું. કાર્યક્રમમાં N.C.C., N.S.S. સો વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. ભારત માતા કી જય ઘોષ કર્યો.

**– આચાર્ય, સુભાષ બ્રહ્મભટ્ટ**

## શ્રી હરિવલ્લભદાસ કાળિદાસ કોમર્સ કોલેજ

### આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯ ફોન : ૨૬૫૮૯૯૬૧

વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રવૃત્તિઓને પ્રાધાન્ય તેમજ તેમના જ્ઞાન, અને કૌશલ્ય અને આવડતોનો વિકાસ થાય તેમજ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટેની અનેક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી.

ગુજરાત યુનિવર્સિટી યુવક મહોત્સવની વિવિધ સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને હળવું કંઠય સંગીત માં કુ. રીતુ રાઠોડે પારિતોષિક મેળવી ગુજરાત યુનિવર્સિટીની આંતર વિભાગીય યુવક મહોત્સવ સ્પર્ધામાં અત્યંત સુંદર દેખાવ કર્યો.

તા. ૧૫-૮-૨૦૧૪ના રોજ સ્વાતંત્ર્ય દિનની ઉજવણી તેમજ ૨૬-૧-૨૦૧૫ને પ્રજાસત્તાક દિને મુખ્ય મહેમાન દ્વારા રાષ્ટ્રધ્વજ લહેરાવવામાં આવ્યો અને N.C.C. ના વિદ્યાર્થીઓ દ્વારા પરેડનું આયોજન કરવામાં આવ્યું તેમજ પરેડ બાદ મુખ્ય મહેમાનનું પ્રેરક, પ્રસંગોચિત પ્રવચન યોજવામાં આવ્યું અને ત્યાર બાદ રાષ્ટ્રભક્તિ પર આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો.

N.C.C. ભાઈઓએ વિવિધ Campus માં ભાગ લીધો.

N.C.C. ની પ્રવૃત્તિઓમાં બહેનોનું પણ મહત્ત્વનું યોગદાન રહ્યું.

KCG દ્વારા Udisha - placement training વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓને આપવામાં આવી જેમાં કૉલેજના આચાર્ય ડૉ. ગોપાલભાઈ ભટ્ટે તજ્જ્ઞ તરીકે તાલીમ આપી, આપણી કૉલેજના ઘણા વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

વર્ષ દરમ્યાન વિદ્યાર્થીઓ માટે વ્યક્તિ વિકાસ અને કારકિર્દી માર્ગદર્શનના અનેક વ્યાખ્યાનો યોજવામાં આવ્યા. (કૉલેજ કક્ષાએ રંગોળી કેશગુંફન ચિત્રકળા, પોસ્ટર મેકીંગ વગેરે સ્પર્ધાઓ યોજવામાં આવી.)

B.Com. અને M.Com. ના છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓને રોજગારી મળે તે હેતુથી અનેક કંપનીઓને Campus Recruitment માટે આમંત્રિત કરવામાં આવી જેનો લાભ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ એ લીધો અને રોજગારી મેળવી.

નટરાણી થિયેટર ખાતે યોજાયેલ Skit ની સ્પર્ધામાં કૉલેજના વિદ્યાર્થીઓએ ભાગ લીધો અને ઈનામ પ્રાપ્ત કર્યું જેની પ્રચાર માધ્યમો એ ખૂબ પ્રસિદ્ધિ આપી.

CWDC દ્વારા બહેનોના વિકાસના કાર્યક્રમો યોજાયા. ગુજરાત યુનિ. દ્વારા કેન્સર અંગેની સામાજિક જાગૃતિ અંગે Pinkathone દોડનું આયોજન કરવામાં આવ્યું જેમાં કૉલેજની વિદ્યાર્થીનીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો. ઉપરાંત ગુજરાત રાજ્ય દ્વારા ઉજવાયેલ મહિલા સશક્તિકરણ કાર્યક્રમમાં તેમજ Dance & defence કાર્યક્રમમાં બહેનોએ મોટી સંખ્યામાં ભાગ લીધો.

તા. ૨૩-૧-૨૦૧૫ના રોજ સિવિલ હૉસ્પિટલ બ્લડબેન્કના સહયોગથી શ્રી એચ.કે. આર્ટ્સ કૉલેજ અને શ્રી એચ.કે. કોમર્સ કૉલેજના સંયુક્ત ઉપક્રમે રક્તદાન શિબિર યોજાયો. કુલ ૭૪ બોટલનું રક્તદાન થયું.

ગાંધી નિર્વાણ દિન નિમિત્તે યોજાયેલ 'ગાંધીજી અને સ્વચ્છતા' વિષય પર ચિત્ર સ્પર્ધામાં વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

કૉલેજનો ૪૭મો વાર્ષિકોત્સવ લાયન્સ ક્લબ્ઝ ઇન્ટરનેશનલ ડિસ્ટ્રિક્ટ ૩૨૩-Bના ડિસ્ટ્રિક્ટ ગવર્નર લાયન રાકેશભાઈ પટેલના મુખ્ય મહેમાન પદે તેમજ આપણા ટ્રસ્ટી માનાર્હ મંત્રીશ્રી અંબરિશભાઈ શાહના પ્રમુખસ્થાને યોજાયો. વર્ષ દરમ્યાન શૈક્ષણિક સિદ્ધિઓ તેમજ અન્ય પ્રવૃત્તિઓમાં સિદ્ધિઓ બદલ ચંદ્રકો, ટ્રોફી, રોકડ ઇનામો, પ્રમાણપત્રો વગેરે આપવામાં આવ્યા.

આંકડાશાસ્ત્ર વિભાગ દ્વારા ૧૯ વિદ્યાર્થીઓને H. L. College of Commerce દ્વારા યોજાયેલ Computer Awareness કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

હંમેશની જેમ વર્ષ દરમ્યાન અનેક પ્રવૃત્તિઓ કરવામાં આવી જેમાં કૉલેજના તમામ સ્ટાફ મેમ્બર્સ અને ટ્રસ્ટનો સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો.

**– પ્રિ. ડૉ. ગોપાલ ભટ્ટ**

## બ્રહ્મચારી વાડી ટ્રસ્ટ ઇન્સ્ટિટ્યૂટ ઑફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશન

### આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯ ફોન : ૬૫૪૧૫૫૮૦

બ્રહ્મચારી વાડી ટ્રસ્ટ નેજા હેઠલ ચાલતી અને શૈક્ષણિક સંસ્થામાંની એક બી.બી.એ. કૉલેજ છે જે મેનેજમેન્ટ વિદ્યાર્થીઓની રૂચિને ધ્યાન પર લઈને વર્ષ ૧૯૯૯માં શરૂ કરી હતી. છેલ્લા બે વર્ષથી પ્રવેશની જવાબદારી યુનિવર્સિટી સાંભળી રહી છે અને કોલેજને પ્રવેશ ફાળવે છે. જેમાં વધતી જતી સ્પર્ધામાં પણ કૉલેજને જરૂરી પૂરતી સંખ્યા પૂર્ણ થાય છે.

કૉલેજ તરફથી વિદ્યાર્થીઓનું સર્વાંગી વિકાસ થાય એનું સતત ધ્યાન રાખવામાં આવે છે અને તેમને પૂરેપૂરું માર્ગદર્શન પણ પૂરું પાડીએ છીએ. જે પૈકીની ..., ..., રમતગમત પ્રવૃત્તિઓ છે.

આ વર્ષે વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીની પરિક્ષાઓમાં સારું પરિણામ મેળવ્યું છે જેમાં F.Y. માં Sem. I અને Sem III માં કાવડ હાર્દિક, S.Y. Sem III અને Sem IV માં પ્રજાપતિ લક્ષ્મી, T.Y. Sem V અને VI માં કપાસી સકિનાએ કૉલેજ કક્ષાએ પ્રથમ ક્રમાંક મેળવ્યા હતા. આ વર્ષે આ વિદ્યાર્થીઓએ સાતત્યપૂર્ણ દેખાવ કરીને બંને Semester માં પોતાનો ક્રમાંક જાળવી રાખ્યો હતો. આ વર્ષે કપાસી સકીનાએ Sem V માં યુનિવર્સિટીમાં પાંચમો ક્રમ અને Sem VI માં યુનિવર્સિટીમાં ૭મો ક્રમ પ્રાપ્ત કર્યો છે. જે સંસ્થા માટે ગૌરવપૂર્ણ બાબત છે.

આ વર્ષ દરમ્યાન જુદી જુદી કૉલેજમાં સાંસ્કૃતિક તેમાં મેનેજમેન્ટને લગતી પ્રતિયોગીતામાં વિદ્યાર્થીઓએ હોંસભેર ભાગ લીધો હતો. અને આ વર્ષે ફરી એક વાર જ્વલંત સફળતા પ્રાપ્ત કરી છે. આ વર્ષે GLS દ્વારા આયોજિત કરવામાં આવેલી સ્પર્ધામાં જૈન સાર્થક, કપાસી સકીના, મહેતા અનુપ્રિયા, નકવી શાહનવાજ અને જોશી માનવએ Let's Brand માં ભાગ લીધો હતો. ભવસાર શ્રીજી, પટેલ તુષાર, જોશી માનવ, જૈન સાર્થક, મોહમ્મદ જીસાન, ચાવડા ચેતન અને ગડગોળી સુષમાએ Movie making માં ભાગ લીધો હતો. આ વિદ્યાર્થીઓએ EDUNELI ટાઈટલ અંતર્ગત એક ડોક્યુમેન્ટરી ફિલ્મ બનાવી હતી જે તેઓએ YOUTUBE પર અપલોડ કરી હતી. આ મૂવીને સારો પ્રતિસાદ અને સંદર્ભે Feedback મળ્યા હતા. રજત માથુર, શાહ નિકેત, મોહમ્મદ જીસાન અને દેસાઈ મીતે બીજનેસ પ્લાનમાં ભાગ લીધો હતો. જેમાં તેઓ દ્વિતીય ઇનામ જીતીને આવ્યા હતા. આ સિવાય પણ બીજી પ્રવૃત્તિમાં ભાગ લીધો હતો. બીજી એક કૉલેજ આર.બી. ઇન્સ્ટિટ્યૂટ દ્વારા યોજવામાં આવેલી સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ હોંશભેર ભાગ લીધો હતો અને કોલેજ માટે પારિતોષિક જીતી ને આવ્યા હતા. આ કૉલેજ દ્વારા Ad-Mad, રંગોળી, અંતાક્ષરી, Lane Ganing, બીજનેસ ક્વિઝ, કોલાજ તેમજ ડાંસિંગ સુપરસ્ટાર જેવી સ્પર્ધાઓનું આયોજન કરેલ હતું. ચીમનભાઈ પટેલ ઇન્સ્ટિટ્યૂટમાં ક્વિઝ, નેશનલ નિબંધ સ્પર્ધા, યુથ વિકાસ નિબંધ સ્પર્ધા પણ ભાગ લીધેલ હતો.

દર વર્ષે યુનિવર્સિટી યુવાનો પડેલા જોમને બહાર લાવવા માટે યુથ ફેસ્ટીવલનું આયોજન કરતી હોય છે. આ વર્ષે આપણી પણ કૉલેજમાંથી જુદી જુદી ચાર સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો અને સંતોષકારક પ્રદર્શન કર્યું હતું.

વિદ્યાર્થીઓ Graduation કર્યા પછી તેઓ સારી જગાએ નોકરી મેળવી છે કે નહીં તે બાબતમાં સંસ્થા સદાએ જાગૃત રહી છે. જેના માટે ગત વર્ષે શરૂ કરેલ પહેલ કે સંસ્થા દ્વારા નિયંત્રિત એક વેબ પેજને આ વર્ષે સારો પ્રતિસાદ મળ્યો છે અને ઘણા વિદ્યાર્થીઓએ એનો વ્યક્તિગત આભાર વ્યક્ત કરેલ છે.

રક્તદાન એ જ મહાદાન એ મંત્રથી વિદ્યાર્થીઓને સમજ આપીએ છીએ અને વિદ્યાર્થીઓને સાથે રાખીને સક્ષમ વિદ્યાર્થીઓ દ્વારા રક્તદાન કરવું જોઈએ તેવી સમજ આપીએ છીએ. કૉલેજ અને સિવિલ હૉસ્પિટલના સંયુક્ત ઉપક્રમે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવેલું જેને સારો પ્રતિસાદ મળેલ હતો. જે સમાજ સેવા માટે સંસ્થા સદા જાગૃત રહે છે તેની પ્રતીતિ કરાવે છે.

સંસ્થા દ્વારા વિદ્યાર્થિઓનો વ્યક્તિગત વિકાસ થાય તે માટે સંસ્થામાં જ તેઓ માટે જુદી જુદી પ્રતિસ્પર્ધાઓ કરાવવામાં આવતી હોય છે. જેમાં ૫મી સપ્ટેમ્બરના દિવસે સ્વયં શિક્ષકદિનમાં મોહમ્મદ જીસાન, કપાસી સકીના અને મહેતા અનુપ્રિયા અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન પર રહ્યા હતા. પારંપારિક વેશભૂસા (Traditionl Day)માં રાજપૂત દામિની, રોજસરા દિલિપ અને શાહ કિશન ઇનામના હકદાર રહ્યા હતા.

**– કા. ડાયરેક્ટર, નીરવ શાહ**

## શ્રી બ્રહ્મચારીવાડી ઈન્સ્ટિટ્યૂટ ઑફ સંસ્કૃત સ્ટડીઝ

### હ. કા. કૉલેજ કમ્પાઉન્ડ, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯ ફોન : ૨૬૫૮૮૮૬૨

ઈ.સ. ૧૯૩૬માં સ્થપાયેલ શ્રી બ્રહ્મચારીવાડી ઈન્સ્ટિટ્યૂટ ઑફ સંસ્કૃત સ્ટડીઝ (જૂનું નામ શ્રી બ્રહ્મચારી વાડી સંસ્કૃત પાઠશાળા) વર્ષ ૨૦૧૪-૧૫માં અનેકવિધ પ્રવૃત્તિઓથી ધમધમતી રહી. આ વર્ષે વિવિધ વિષયો

ઉપર વ્યાખ્યાન યોજાયાં, તો શિક્ષણોપરાંત પ્રવૃત્તિઓ પણ થઈ. શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના વિવિધ અભ્યાસક્રમ સિવાય શ્રી બૃહદ્ ગુજરાત સંસ્કૃત પરિષદની જ્યોતિષ-કર્મકાંડ વિષયક પરીક્ષાઓ પણ અહીંથી આપવામાં આવે છે.

વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓની સંખ્યા આ પ્રમાણે રહી :

| | | |
|---|---|---|
| ૧. ડિપ્લોમા મંદિર વ્યવસ્થાપન | વિદ્યાર્થીઓની સંખ્યા | ૨૩ |
| ૨. ડિપ્લોમા વાસ્તુશાસ્ત્ર | ,, | ૧૫ |
| ૩. ડિપ્લોમા જ્યોતિષ | ,, | ૨૧ |
| ૪. ડિપ્લોમા કર્મકાંડ | ,, | ૧૭ |
| | કુલ વિદ્યાર્થી : | ૭૬ |

કુલ છોંતેર વિદ્યાર્થીઓએ જે-તે વિષયનો અભ્યાસ કર્યો. ઉપરાંત બૃહદ્ ગુજરાત સંસ્કૃત પરિષદની પરીક્ષાઓમાં પણ લગભગ- ૬૦ (સાઠ) વિદ્યાર્થીઓ બેઠાં હતાં.

વર્ષ દરમિયાન થયેલ વિવિધ પ્રવૃત્તિઓ આ પ્રમાણે છે :

- **ષોડશોપચાર નિદર્શન વર્ગ :** તા. ૧૧-૪-'૧૪ના રોજ મંદિર વ્યવસ્થાપન તથા કર્મકાંડના છાત્રો માટે ષોડશોપચાર પ્રત્યક્ષ નિદર્શન વર્ગ રાખવામાં આવેલ. પંડિત જૈમિનભાઈએ આ સમગ્ર કાર્યક્રમમાં સક્રિય ભાગ લઈને છાત્રોને વિષયનું ઊંડું જ્ઞાન પિરસ્યું હતું.
- **શાંતિયજ્ઞ :** તા. ૮-૫-૧૪ના રોજ સર્વે વિદ્યાર્થીઓ અને સંસ્થાના કર્મચારીગણના સાથ સહકારથી ભો. જે. વિદ્યાભવનના ટેરેસ ઉપર શાંતિયજ્ઞનું આયોજન થયું હતું. તેમાં વિદ્યાર્થીઓ દ્વારા સ્વયંભાવથી ઘરેથી તૈયાર કરીને લાવવામાં આવેલ 'પ્રસાદ' વિતરિત કરાયો હતો. ભો. જે. વિદ્યાભવનના નિયામક ડૉ. આર.ટી. સાવલિયાના યજમાનપદે આ યજ્ઞનું આયોજન થયું હતું.
- **સંસ્કૃત સંભાષણ વર્ગ :** તા. ૬-૧૦-૨૦૧૪ થી તા. ૧૭-૧૦-૨૦૧૪ દરમ્યાન સંસ્કૃતભારતી સંસ્થાના સહકારથી સંસ્કૃત સંભાષણ વર્ગ યોજાયો. સંસ્કૃતભારતી સંસ્થાના કાર્યકર્તા શ્રી હાર્દિકભાઈની ઉપસ્થિતિમાં અને દેખરેખમાં આ વર્ગનું આયોજન થયું હતું. તેમાં ત્રીસ જેટલાં છાત્રોએ ભાગ લીધો હતો. તા. ૧૭-૧૦ ના રોજ સમાપન વર્ગમાં છાત્રોએ સંસ્કૃત ગીતગાન, નાટક, વૃત્ત વગેરેની રજૂઆત કરી હતી.
- **પ્રમાણપત્ર વિતરણ :** તા. ૧૦-૧૨-૨૦૧૪ના રોજ સંસ્કૃત સેવક અને સન્નિષ્ઠ કાર્યકર્તા શ્રી પી. જયંતિલાલની ઉપસ્થિતિમાં છાત્રોને પ્રમાણપત્રો આપવામાં આવેલ. વર્ષ દરમ્યાન થયેલ નાનાવિધ પ્રવૃત્તિઓ તથા પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થનાર છાત્રોને પ્રોત્સાહિત કરવા આ આયોજન થાય છે.
- **સંસ્કૃત સમ્મેલન :** સંસ્કૃત ભારતી સંસ્થા દ્વારા તા. ૮-૨-૧૫ના રોજ પાંચ જેટલી વિવિધ સંસ્થાઓના સહકારથી બ્રહ્મચારીવાડી ટ્રસ્ટના યજમાનપદે અમદાવાદ નગરનું સંસ્કૃત સમ્મેલન યોજ્યું હતું. જેનું આયોજન સંસ્થાના પટાંગણમાં થયેલ. આ દિવસે જ શ્રી શ્રીધરભાઈ વ્યાસના નેતૃત્ત્વ હેઠળ ઇન્કમટેક્ષ ચાર રસ્તાથી સંસ્થા સુધીની સંસ્કૃતયાત્રાનું પણ આયોજન થયું હતું. આ સમારંભમાં રાજ્યના શિક્ષણમંત્રીશ્રી (શ્રી ભૂપેન્દ્રસિંહજી), સંસ્થાના પ્રમુખશ્રી બી.વી. દોશી, શ્રી હિમાંજયજી પાલિવાલ વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં. સંસ્થાના પટાંગણમાં 'સંસ્કૃત પ્રદર્શની'નું પણ આયોજન થયું હતું.

- **સિંહસ્થ ગુરુ - ચર્ચાસભા :** તા. ૧૭-૩-૨૦૧૫ના રોજ 'સિંહસ્થ ગુરુ' વિષય ઉપર ચર્ચાસભા યોજાઈ. જનમાનસમાં સિંહસ્થગુરુ બાબતે પેદા થયેલી અસમંજસને દૂર કરવા આ સત્ર યોજાયું હતું. નડિયાદથી પધારેલ શ્રી શંકરભાઈ પટેલે આ સભામાં અધ્યક્ષનું સ્થાન શોભાવ્યું હતું. અનેક જ્યોતિષીએ અને વિદ્વદ્‌જનોથી આ સભા દીપી ઊઠી હતી.

## વર્ષ દરમિયાન યોજાયેલ વિશિષ્ટ વ્યાખ્યાનો

| | | |
|---|---|---|
| તા. ૨૭ મે, ૨૦૧૪ | ટેરોકાર્ડ વર્કશોપ | કુસુમજી સંતાની |
| તા. ૬ ઓગસ્ટ, ૨૦૧૪ | અંકશાસ્ત્ર | શ્રી શંકરભાઈ પટેલ |
| તા. ૨૪ સપ્ટેમ્બર, ૨૦૧૪ | શિવપંચવક્ત્ર માહાત્મ્ય | શ્રી સુરેશ પ્રકાશજી. |
| તા. ૧૭ નવેમ્બર, ૨૦૧૪ | સાહિત્ય સુરભી | શ્રી પંકજજી |
| તા. ૧૮ નવેમ્બર, ૨૦૧૪ | સાહિત્ય સુરભી | શ્રી ધર્મેશભાઈ શાસ્ત્રી |

## અધ્યાપકોની સિદ્ધિ

- શ્રી પ્રકાશભાઈ રાવલે (જ્યોતિષ વિભાગ) સિદ્ધ-જ્યોતિષ સમ્મેલનમાં ઉપસ્થિત રહીને 'નક્ષત્ર/નાડી જ્યોતિષ' ઉપર પોતાના વિચાર વ્યક્ત કર્યા હતાં.
- શ્રી શ્રીધરભાઈ વ્યાસે રાજ્યસ્તરીય સંસ્કૃત શાસ્ત્રીય સ્પર્ધાઓ જે જૂનાગઢ ખાતે યોજાયેલી તેમાં નિર્ણાયકશ્રીની ભૂમિકા અદા કરેલી.
- શ્રી શ્રીધરભાઈ વ્યાસે જ્યોતિર્મય ઇન્સ્ટિટ્યૂટમાં 'સંસ્કૃત અને આપણું ભવિષ્ય' વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું હતું.

## વિદ્યાર્થીઓ માટે

- જ્યોતિષ ડિપ્લોમાની પરીક્ષા આપનાર આપણી સંસ્થાના છ જેટલાં વિદ્યાર્થીઓને 'ટેલીકૉલ સેન્ટર'માં પ્લેસમેન્ટ મળ્યું છે.
- મંદિર વ્યવસ્થાપનના છાત્ર કિરણ મહેતા ઑસ્ટ્રેલિયા ખાતે 'ધર્મ પ્રચારાર્થી' તરીકે પ્રસ્થાન કરી ચૂક્યા છે.

**— કા. આચાર્ય, શ્રીધરભાઈ વ્યાસ**

# શિષ્યવૃત્તિ - ઈનામ વિતરણ સમારોહ






















# ગુજરાત વિદ્યાસભાનાં પ્રકાશનો



























**બુક-પોસ્ટ**

રવાના :
**ગુજરાત વિદ્યાસભા**
એચ. કે. કોલેજ કેમ્પસ,
આશ્રમ રોડ, અમદાવાદ-૯
ફોન : (૦૭૯) ૨૬૫૮૨૦૮૮

**શ્રી,**

પ્રકાશક : **શ્રી અંબરીષ શાહ**, માનાર્હ મંત્રી, ગુજરાત વિદ્યાસભા, એચ.કે. કોલેજ કેમ્પસ, અમદાવાદ-૯
મુદ્રક : કિરના ગ્રાફિક્સ, ૭૮૬, નારણપુરા જૂના ગામ, અમદાવાદ-૧૩, ફોન : ૨૭૪૯૪૩૯૩